RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 61* Date: 20.12.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## જીએસટીનો વ્યાપ વિસ્તારાશે,

# ગુજરાત, મહારાષ્ટ્ર દ્વારા બિઝનેસ અને પ્રોપર્ટી ડેટાનું શેરિંગ

નવીદિલ્હી,તા.૧૯

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટૅક્સીસ (સીબીડીટી)ના વડા વિવેક જોહરીએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્યો ગુડ્સ ઍન્ડ સર્વિસિસ ટૅક્સ (જીએસટી)નો વ્યાપ વિસ્તારવાની દિશામાં સક્રિય છે. ગુજરાતે બિઝનેસને પર્મેનન્ટ અકાઉન્ટ નંબર (પૅન) સાથે જોડવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી છે, જ્યારે મહારાષ્ટ્ર પ્રોપર્ટી ટૅક્સ (મિલકત વેરા)ની માહિતી શૅર કરી રહ્યું છે. જીએસટીમાં નહિ નોંધાયેલા બિઝનેસને શોધવા મોટા પાયે કાર્યવાહી હાથ ધરાઇ છે. જીએસટીનો વ્યાપ વિસ્તારવાના પાઈલટ પ્રોજેક્ટમાં મધ્ય પ્રદેશની ડિસ્કોમ્સ સાથે ડેટા શૅરિંગ ચાલી રહ્યું છે.અગાઉ જીએસટી કાઉન્સિલની બેઠકમાં કેટલીક ત્રુટિઓને ગુના ન ગણવા અને કરચોરી બદલ કાર્યવાહી માટેની રકમ એક કરોડ રૂપિયાથી વધારીને બે કરોડ કરવા ઉપરાંત કઠોળના ફોતરાં-છોતરાંને કરમુક્ત કરવા અને એસયુવીની વ્યાખ્યા સ્પષ્ટ કરવા જેવા અનેક




નિર્ણય લીધા હતા.

ગુડ્સ ઍન્ડ સર્વિસિસ ટૅક્સ (જીએસટી) સંબંધી ગુનામાં ફરિયાદ દાખલ કરીને પગલાં લેવા માટેની લઘુતમ રકમની મર્યાદા એક કરોડ રૂપિયાથી વધારીને બે કરોડ રૂપિયા કરવામાં આવી હોવાનું મહેસૂલ ખાતાના સચિવ સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે શનિવારે યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં કઠોળના છોતરાં-ફોતરાં પરનો પાંચ ટકા ટૅક્સ રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. સમયની તંગીને કારણે કાઉન્સિલની મિટિંગના એજન્ડાના ૧૫ વિષયોમાંથી ફક્ત ૮ વિષયની ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા ન કરી શકાઈ હોય એવા વિષયોમાં જીએસટી એપેલેટ ટ્રિબ્યુનલ સ્થાપવાનો વિષય હતો. તે ઉપરાંત પાનમસાલા અને ગુટકાના ધંધામાં કરચોરી ડામવા માટે વિશિષ્ટ તંત્ર રચવાનો વિષય પણ ચર્ચાઈ શક્યો નહોતો.બેઠકનાં અધ્યક્ષા અને કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે જીએસટી કાઉન્સિલની ૪૮મી બેઠકની કામગીરી વિશે જણાવ્યું હતું કે સ્પોર્ટ્સ યુટિલિટી વેહિકલ (એસયુવી)ની વ્યાખ્યા અને એ કેટેગરીનાં વાહનો પર લાગુ ટૅક્સ વિશે સ્પષ્ટતાઓ કરવામાં આવી હતી.અગાઉ, ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી નવેમ્બર દરમિયાન નૅટ ડિરેક્ટ ટૅક્સની આવક ૨૪ ટકા વધીને રૂ. ૮.૭૭ લાખ કરોડ થઈ હતી. આ રકમ વર્ષ ૨૦૨૨-૨૩ના એપ્રિલથી માર્ચના ડિરેક્ટ ટૅક્સ કલેક્શનના બજેટના અંદાજના ૬૧.૭૯ ટકા હતી. ૩૦ નવેમ્બરના ડિરેક્ટ ટૅક્સ કલેક્શન રૂ. ૮.૭૭ લાખ કરોડ એટલે કે ગયા વર્ષના એ જ સમયગાળાના નૅટ કલેક્શન કરતા ૨૪ ટકા વધુ હતું.

ચાલુ નાણાકીય વર્ષમાં ડિરેક્ટ ટૅક્સ કલેક્શન રૂ. ૧૪.૨૦ લાખ કરોડ અંદાજવામાં આવ્યો હતો, જે વર્ષ ૨૦૨૧-૨૨ના એ જ સમયગાળામાં કરવામાં આવેલા રૂ. ૧૪.૧૦ લાખ કરોડની સરખામણીએ વધુ હતું. ટૅક્સ કલેક્શન દેશની આર્થિક પ્રવૃત્તિઓનો સૂચકાંક ગણાય છે. પહેલી એપ્રિલથી ૩૦ નવેમ્બર દરમિયાન રૂ. ૨.૧૫ લાખ કરોડનું રિફંડ આપવામાં આવ્યું હતું, જે ગયા વરસના એ જ સમયાગાળાની સરખામણીએ ૬૭ ટકા વધુ હતું.

# ચીન સાથે અથડામણઃ વડાપ્રધાન આ મુદ્દાઓ પર વડાપ્રધાન ક્યારે ’મન કી બાત કરશે

નવીદિલ્હી,તા.૧૯

કોંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચીન સાથેના સરહદ વિવાદને લઈને સાત પ્રશ્નો પૂછ્યા અને તેમને આ પ્રશ્નોના જવાબ આપવા કહ્યું. કોંગ્રેસ નેતાએ એક નિવેદનમાં કહ્યું કે પીએમ મોદીએ આ સાત પ્રશ્નો પર પોતાના મનની વાત કરવી જોઈએ, જે વડાપ્રધાનની રાજકીય ફરજ અને નૈતિક જવાબદારી છે.

અરુણાચલ પ્રદેશના તવાંગમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી અથડામણને લઈને કોંગ્રેસ કેન્દ્ર સરકાર પર પ્રહારો કરી રહી છે. કોંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ચીન સાથેના સરહદ વિવાદને લઈને સાત પ્રશ્નો પૂછ્યા અને તેમને આ પ્રશ્નોના જવાબ આપવા કહ્યું. કોંગ્રેસ નેતાએ એક નિવેદનમાં કહ્યું કે પીએમ મોદીએ આ સાત પ્રશ્નો પર ‘મન કી બાત‘ બોલવી જોઈએ, જે વડાપ્રધાનની રાજકીય ફરજ અને નૈતિક જવાબદારી છે.

રમેશે પીએમ મોદીને પૂછ્યું કે તમે ૨૦ જૂન, ૨૦૨૦ ના રોજ કેમ કહ્યું કે પૂર્વ લદ્દાખમાં ચીન તરફથી કોઈ ઘૂસણખોરી થઈ નથી?માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પ્સની યોજના શા માટે સ્થગિત કરવામાં આવી હતી જયરામે એમ પણ પૂછ્યું કે તમે (પીએમ મોદીએ) ૧૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પ્સની સ્થાપનાની યોજનાને કેમ ટાળી દીધી? આ ઉપરાંત કોંગ્રેસે પીએમ મોદીને પૂછ્યું છે કે તમે ચીનની કંપનીઓને પીએમ કેયર્સ ફંડમાં યોગદાન આપવાની મંજૂરી કેમ આપી? ? પીએમ મોદીને કોંગ્રેસના આ સવાલો છે ? તમે ૨૦ જૂન, ૨૦૨૦ ના રોજ કેમ કહ્યું કે પૂર્વી લદ્દાખના ભારતીય ક્ષેત્રમાં ચીન તરફથી કોઈ ઘૂસણખોરી થઈ નથી? ? તમે ચીનની સેનાને પૂર્વી લદ્દાખમાં જ્યાં આપણા સૈનિકો મે ૨૦૨૦ પહેલા નિયમિતપણે પેટ્રોલિંગ કરતા હતા ત્યાં હજારો ચોરસ કિલોમીટરમાં આપણા સૈનિકોને પેટ્રોલિંગ કરતા રોકવાની મંજૂરી કેમ આપી? ? તમે ૧૭ જુલાઈ, ૨૦૧૩ ના રોજ કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પ્સની સ્થાપનાની યોજનાને કેમ ટાળી દીધી? ? તમે ચીનની કંપનીઓને પીએમ કેર્સ ફંડમાં ફાળો આપવાની મંજૂરી કેમ આપી? ? તમે શા માટે છેલ્લા બે વર્ષમાં ચીનમાંથી આયાતને રેકોર્ડ સ્તરે વધવા દીધી? ? તમે શા માટે આગ્રહ કરી રહ્યા છો કે સરહદની સ્થિતિ અને ચીન તરફથી આપણને જે પડકારોનો સામનો કરવો પડે છે તેની ચર્ચા સંસદમાં ન થવી જોઈએ? ? તમે ચીનના ટોચના નેતૃત્વને અભૂતપૂર્વ ૧૮ વખત મળ્યા છો અને તાજેતરમાં બાલીમાં શી જિનપિંગ સાથે હાથ મિલાવ્યો છે. એ પછી તરત જ, ચીને તવાંગમાં ઘૂસણખોરી કરવાનું શરૂ કરી અને તેની બાજુએ એકપક્ષીય રીતે સરહદની સ્થિતિ બદલવાનો પ્રયાસ ચાલુ રાખ્યો. તમે આ મુદ્દે દેશને વિશ્વાસમાં કેમ નથી લઈ રહ્યા? ? ૯ ડિસેમ્બરે અરુણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષના સૈનિકો ઘાયલ થયા હતા. જૂન ૨૦૨૦ માં પૂર્વી લદ્દાખની ગલવાન ખીણમાં હિંસક અથ ડામણ પછી આ પ્રકારની પ્રથમ ઘટના હતી.

## ભગવો રંગ ભગવાન બુદ્ધનો છે, એટલા માટે આ બૌદ્ધ ધર્મનું અપમાનઃ કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલે ‘બેશરમ રંગ‘ પર ભડક્યાં

પુણે,તા.૧૯

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી રામદાસ અઠાવલેએ તાજેતરમાં સમગ્ર દેશમાં બહુચર્ચિત પઠાન ફિલ્મના વિવાદને લઈને રવિવારે કહ્યું કે, તેમની પાર્ટીને શાહરુખ ખાનની ફિલ્મ પઠાનના ગીત બેશરમ રંગથી કોઈ વાંધો નથી. તેમણે આગળ કહ્યું કે, ભગવો ફક્ત ભાજપ અથવા શિવસેનાનો રંગ નથી, પણ આ ગૌતમ બુદ્ધે પહેરેલા કપડાનો રંગ છે.

જો તેમણે ‘બેશરમ‘ શબ્દ હટાવ્યો નહીં, તો અમારી પાર્ટી પણ ફિલ્મની વિરુદ્ધમાં આંદોલન કરશે.



પુણેમાં પત્રકારો સાથે વાત કરતા રિપબ્લિકન પાર્ટી ઓફ ઈંડિયાના પ્રમુખે કહ્યું કે, તેમને ‘પઠાન‘ ફિલ્મથી કોઈ સમસ્યા નથી, સિવાય કે ફિલ્મના ગીતમાં ઉપયોગ લેવાતા ‘બેશરમ‘ રંગ શબ્દથી. કેન્દ્રીય મંત્રીએ ગીતમાં ઉપયોગમાં લેવાતા શબ્દ પર વાંધો ઉઠાવતા કહ્યું કે, આ ગૌતમ બુદ્ધે પહેરેલા કપડાનો રંગ છે. લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા તે શાંતિના રંગ તરીકે ઊભરી આવ્યો હતો. એટલા માટે આ ‘બૌદ્ધ ધર્મ‘નું અપમાન છે.અઠાવલેએ કહ્યું કે, જો ‘બેશરમ‘ શબ્દ નહીં હટાવામાં આવે તો, અમારી પાર્ટી ફિલ્મની વિરુદ્ધ આંદોલન કરશે. તેમણે કહ્યું કે, કોઈ પણ રંગ ‘બેશરમ‘ નથી હોતો અને આ પ્રકારના સંદર્ભને હટાવી દેવા જોઈએ.

અહીં ઉલ્લેખનિય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી ‘પઠાન‘ના ‘બેશરમ રંગ‘ ગીતને લઈને વિવાદ છંછેડાયેલો છે. ગીતમાં દીપિકા પાદુકોણ એક સીનમાં ‘ભગવા‘ કપડા પહેરેલા દેખાય છે. આ વાતને લઈને મધ્ય પ્રદેશના મંત્રી નરોત્ત મિશ્રાએ વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ગીતમાં ઉપયોગમાં લેવાયેલ વેશભૂષા પ્રથમ દ્રષ્ટિએ વાંધાજનક છે. સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, દૂષિત માનસિકતાના કારણે તે ફિલ્માવામાં આવ્યું છે.

## ભારતે ૨૧ વર્ષ પછી મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો

# જમ્મુ-કાશ્મીરની સરગમ કૌશલે ૬૩ દેશની સુંદરીઓને હરાવીને તાજ પહેર્યો

મુંબઇ,તા.૧૯

સરગમ કૌશલે મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો છે. આ તાજ ૨૧ વર્ષ પછી ભારતને પ્રાપ્ત થયો છે. આ સ્પર્ધામાં વિશ્વના ૬૩ દેશની મહિલાઓએ ભાગ લીધો હતો, જેમાંથી સરગમ કૌશલ વિજેતા બની છે. જમ્મુ-કાશ્મીરની રહેવાસી સરગમ પ્રોફેશનથી શિક્ષક છે. તેમણે નેવી ઓફિસર સાથે ૨૦૧૮માં લગ્ન કર્યા હતા. સરગમે તેની સફળતાનું શ્રેય તેના પિતા અને પતિને આપ્યું છે.

મિસિસ ઈન્ડિયા પેજન્ટના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેની જાહેરાત કરવામાં આવી છે. અહીં ક્રાઉનિંગ મૂવમેન્ટના એક ક્ષણની ઝલક શેર કરતાં લખ્યું છે કે હવે ઈંતજાર ખતમ થયો. આ તાજ ૨૧ વર્ષ પછી આપણી પાસે પાછો આવ્યો છે. જણાવી દઈએ કે સરગમ પહેલાં ડો. અદિતિ ગોવિત્રીકરે ૨૦૦૧માં આ ખિતાબ જીત્યો હતો. અવોર્ડ માટેની જ્યૂરી પેનલમાં અભિનેત્રી સોહા અલી ખાન, વિવેક ઓબરોય અને મોહમ્મદ અઝહરુદ્દીનનો સમાવેશ થાય છે.૩૨ વર્ષીય સરગમે ૬૩ દેશની સુંદરીઓને હરાવીને આ ખિતાબ જીત્યો છે.

સ્પર્ધાના અંતિમ રાઉન્ડ માટે, કૌશલે ભાવના રાવ દ્વારા ડિઝાઇન કરાયેલો ગુલાબી સ્લિટ ગાઉન પહેર્યો હતો. સરગમ કૌશલે મિસિસ વર્લ્ડ ૨૦૨૨ના એક કાર્યક્રમમાં કાશ્મીરી મહિલાઓ દ્વારા બનાવેલો હેન્ડક્રાફ્ટેડ ડ્રેસ પણ પહેર્યો હતો.આ પહેલાં સરગમે ૧૫ જૂન ૨૦૨૨ના રોજ મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૨૨નો અવોર્ડ જીત્યો હતો. તેને આ ખિતાબ નવદીપ કૌરે આપ્યો હતો.સરગમે ૨૦૧૮માં નેવી ઓફિસર આદિત્ય મનોહર શર્મા સાથે લગ્ન કર્યા હતા. તેના પતિ દ્વારા સરગમે મોડલિંગનો પહેલો કોન્ટ્રેક્ટ મેળવ્યો હતો.

૩૨ વર્ષીય સરગમ કૌશલ જમ્મુ-કાશ્મીરની રહેવાસી છે, તેમણે ઈંગ્લિશ લિટ્રેચરમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. સરગમ વિશાખાપટ્ટનમમાં એક શિક્ષક તરીકે કામ કરી ચૂકી છે. સરગમે ૨૦૧૮માં લગ્ન કર્યા, તેના પતિ ઈન્ડિયન નેવીમાં છે.

ડો.અદિતિ ગોવિત્રીકરે ૨૧ વર્ષ પહેલાં એટલે ૨૦૦૧માં મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો હતો. અદિતિ આ ક્રાઉન જીતનાર પ્રથમ ભારતીય મહિલા હતી. અદિતિ એક એક્ટ્રેસ પણ છે, તેણે ભેજા ફ્રાઈ, દે દના દન, સ્માઈલ પ્લીઝ જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.

તમને જણાવી દઈએ કે મિસિસ વર્લ્ડ વિશ્વની પહેલી આવી સૌંદર્ય સ્પર્ધા છે, જે પરિણીત મહિલાઓ માટે બનાવવામાં આવી છે. એની શરૂઆત ૧૯૮૪માં થઈ હતી. પહેલાં તેનું નામ મિસિસ અમેરિકા હતું, ત્યાર પછી મિસિસ વુમન ઓફ ધ વર્લ્ડ કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૮૮માં તેનું નામ મિસિસ વર્લ્ડ રાખવામાં આવ્યું. અગાઉ મિસિસ વર્લ્ડનો ખિતાબ જીતનાર મહિલા શ્રીલંકાની રોઝી સેનાયાયાકે હતી.

## કેનેડાના ટોરન્ટો નજીક અંધાધૂંધ ફાયરિંગઃશંકાસ્પદ શૂટર સહિત ૫નાં મોત,

લંડન,તા.૧૯

કેનેડાના ટોરન્ટોની નજીકના વોન નામના વિસ્તારમાં એક બિલ્ડિંગમાં એક વ્યક્તિએ ધડાધડ ફાયરિંગ કર્યું હતું, જેમાં ૫ લોકોનાં મોત થઈ ગયાં હતાં. પોલીસે આમાં તરત જ કાર્યવાહી કરી હતી, એમાં શંકાસ્પદ શૂટરનું પણ મોત થયું હતું. રીજનલ પોલીસ ચીફ જેમ્સ મેકસ્વીને જણાવ્યું હતું કે આ ઘટનામાં એક વ્યક્તિ ઘાયલ થઈ છે. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. હાલ તેની હાલત સ્થિર છે. અત્યારે વોન વિસ્તારમાં બધા જ નાગરિકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે.જાણકારી પ્રમાણે, શૂટિંગ સામસામે ફાયરિંગ થવાને કારણે એ બિલ્ડિંગને ખાલી કરી દેવામાં આવ્યું છે. પોલીસનું કહેવું છે કે સ્થિતિને કાબૂમાં લાવી દીધી છે અને હવે ટોરન્ટોની નજીકના વોન નામના વિસ્તારના લોકોને ખતરો નથી.

મેકસ્વીને જણાવ્યું હતું કે શૂટિંગ પછીનું દૃશ્ય ભયાનક હતું. હાલમાં એવી કોઈ માહિતી નથી કે જેણે ગોળીબાર કર્યો તે એક જ બિલ્ડિંગ કે વિસ્તારનો હતો કે નહિ. ઘટનાની તપાસ ઑન્ટેરિયોના સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટ કરી રહ્યું છે. તેના અધિકારીઓ એવા કેસની તપાસ કરે છે, જેમાં વધુ લોકો ઘાયલ અથવા માર્યા ગયા હોય તેમજ જે કેસમાં પોલીસની સંડોવણી હોઈ છે.આખા કેનેડામાં માસ શૂટિંગ ખૂબ જ દુર્લભ છે. ટોરન્ટો વિશ્વના સૌથી સુરક્ષિત દેશોમાંનો એક છે. દેશમાં રહેતા લોકો આવા કિસ્સાઓથી ડરતા હોય છે, કારણ કે તેમને લાગે છે કે તેઓ અમેરિકામાં બંદૂકની હિંસાની રીતે નજીક આવી રહ્યા છે.પોલીસે હજુ સુધી શંકાસ્પદ મૃતક વ્યક્તિની ઓળખ અથવા તો કોઈ જ પ્રકારની માહિતા આપી નથી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના ખૂબ જ ખરાબ છે. તેણે પોતાની ડ્યૂટીમાં આ પ્રકારની ઘટના અગાઉ ક્યારેય જોઈ નથી.શૂટિંગ પછી વોન સિટીના મેયર સ્ટીવન ડેલ ડુકાનું નિવેદન પણ આવ્યું છે. તેમણે કહ્યું હતું, ‘હું ઘટનાસ્થળે પહોંચેલા ‘બહાદુર‘ પોલીસ અધિકારીઓના કામની પ્રશંસા કરું છું, જેઓ પરિસ્થિતિને સુરક્ષિત રાખવા માટે કામ કરી રહ્યા છે. હું ફાયરિંગમાં માર્યા ગયેલા પીડિતોના પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું.‘

## પાકિસ્તાની વિદેશમંત્રીનું વધુ એક વિવાદાસ્પદ નિવેદન

# હું મોદી, ભાજપ અને આરએસએસથી નથી ડરતો; ૨ દિવસ પહેલાં વડાપ્રધાનને કસાઈ કહ્યા હતા

ઈસ્લામાબાદ,તા.૧૯

પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોએ ફરી એક વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે હું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તેમની પાર્ટી ભાજપ અને આરએસએસથી ડરતો નથી. બિલાવલે એમ પણ કહ્યું કે બે દિવસ પહેલા તેણે જે કહ્યું હતું તે ઈતિહાસ મુજબ હતું અને ઈતિહાસને બદલવો ઘણો મુશ્કેલ છે.

જણાવી દઈએ કે બે દિવસ પહેલા ગુરુવારે બિલાવલ ભુટ્ટોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કહ્યું હતું કે ઓસામા બિન લાદેન મરી ગયો, પરંતુ ગુજરાતનો કસાઈ હજુ પણ જીવિત છે અને તે ભારતનો વડાપ્રધાન છે. આ પછી ભાજપના કાર્યકર્તાઓએ શનિવારે દેશભરમાં બિલાવલનો વિરોધ કર્યો હતો. કાર્યકરોએ પાકિસ્તાની દૂતાવાસની બહાર પણ પ્રદર્શન કર્યું હતું. રવિવારે બિલાવલ ન્યૂયોર્કમાં પાકિસ્તાની મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. જ્યારે મીડિયાએ ભારતમાં તેમની વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ અંગે પૂછ્યું તો તેમણે જવાબ આપતા કહ્યું કે આ વિરોધ પ્રદર્શનોનો હેતુ પાકિસ્તાનને ડરાવવાનો છે, પરંતુ તે કામ કરશે નહીં.

બિલાવલ ભુટ્ટોએ વડાપ્રધાન મોદીને કસાઈ કહેવાના નિવેદન પર સ્પષ્ટતા કરતા કહ્યું- તેમનો ઉદ્દેશ્ય ભારતમાં મુસ્લિમો પ્રત્યે ચાલી રહેલા ભેદભાવ અને નફરત સામે અવાજ ઉઠાવવાનો હતો. આવી સ્થિતિમાં તેમની સામે વિરોધ કરવાને બદલે નફરત અને ભેદભાવ સામે અવાજ ઉઠાવવો વધુ સારું રહેશે.

ભારતે બિલાવલ ભુટ્ટોના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. વિદેશ મંત્રી જયશંકરે યુએનએસીમાં પાકિસ્તાનને આતંકવાદનું કેન્દ્ર ગણાવ્યું હતું, ત્યારબાદ બિલાવલે ર્સ મોદીને લઈને આ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. ભારતે વળતો જવાબ આપતા કહ્યું કે પાકિસ્તાન પાસે એટલી વિશ્વસનીયતા નથી કે ભારત પર આંગળી ઉઠાવી શકે . હવે ‘મેક ઈન પાકિસ્તાન ટેરરિઝમ‘ રોક લગાવી પડશે.વિદેશ મંત્રાલયે એક નિવેદન જાહેર કરતાં કહ્યું હતું કે પાકિસ્તાનના વિદેશમંત્રી ૧૬ ડિસેમ્બર ૧૯૭૧નો દિવસ ભૂલી ગયા છે. જ્યારે પાકિસ્તાનના ૯૦ હજારથી વધુ સૈનિકોએ ભારતીય સેનાની આગળ સરેન્ડર કર્યું હતું. પાકિસ્તાની શાસકો દ્વારા બંગાળીઓ અને હિન્દુઓના નરસંહારનું આ પરિણામ હતું. લઘુમતીઓ સાથે પાકિસ્તાનના વ્યવહારમાં હજુ પણ કોઈ ફેરફાર થયો નથી. પાકિસ્તાન હવે આતંકવાદીઓનો ઉપયોગ કરવા સક્ષમ નથી. બિલાવલ ભુટ્ટોનું વિવાદાસ્પદ નિવેદન આનું પરિણામ છે. બિલાવલ ભુટ્ટોએ તેમના દેશમાં હાજર આતંકવાદના માસ્ટરમાઇન્ડ વિશે નિવેદન આપવું જોઈએ, જેમણે આતંકવાદને દેશની નીતિનો ભાગ બનાવી દીધો છે. પાકિસ્તાને પોતાનું વલણ બદલવું પડશે.

## તંત્રી સ્થાનેથી...

# ભાજપ અચાનક નિર્ણય લેવામાં અને સસ્પેન્સ રાખવામાં માહેર

*ભાજપની હિંદુત્વની લૅબોરેટરી ગણાતા ગુજરાતમાં પાર્ટીને સત્તામાં ૨૦ વર્ષથી વધુ સમય વીતી ગયો છે. ભાજપ પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રભાવની વાત નવી નથી. ભાજપના ગુજરાતમાંથી મહેસાણાના ડૉ એ.કે પટેલ પ્રથમ સાંસદ બન્યા હતા. એ સમયથી ગુજરાત ભાજપ અને આરએસએસ માટે રાજકીય લિટમસ ટેસ્ટ કરવાની લૅબોરેટરી બન્યું છે? ગુજરાતમાં જે રીતે મુખ્ય મંત્રી, નાયબ મુખ્ય મંત્રી અને આખું મંત્રીમંડળ બદલી નાખ્યું એ નો રિપીટ થિયરી પણ ભાજપનો એક નવો રાજકીય પ્રયોગ છે. અને ભાજપે ગુજરાતને જ નો રિપીટ થિયરીના પ્રયોગ માટે પસંદ કર્યું છે.*

*ભાજપે મુખ્ય મંત્રી બદલ્યા હોય એવો આ પ્રથમ પ્રયોગ નથી. ગુજરાત પહેલાં ભાજપે કર્ણાટક અને ઉત્તરાખંડમાં પણ સરકારના શીર્ષ નેતૃત્વને બદલી નાખ્યું હતું, પરંતુ મુખ્ય મંત્રી સાથે આખું મંત્રીમંડળ બદલી નાખવાનો આ પ્રથમ પ્રયોગ છે. ભાજપમાં ૮૦ના દાયકામાં આવા નિર્ણયો નહોતા લેવાતા, પણ જેમજેમ ભાજપની પાસે સત્તા આવતી ગઈ તેમ-તેમ આરએસએસ ભાજપ પર હાવી થવા લાગ્યું અને અનેક નિર્ણયો અલગ રીતે લેવાના શરૂ થયા. ગુજરાતમાં ૧૯૮૭માં જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન ભાજપના હાથમાં આવ્યું ત્યારે ભાજપના નિર્ણયો લેવામાં સંઘની મોટી ભૂમિકા નહોતી, પરંતુ ૧૯૯૦માં જ્યારે ભાજપ પ્રભાવશાળી અને સત્તા નજીક પહોંચતો દેખાવા લાગ્યો ત્યારથી પાર્ટીના નિર્ણયોમાં આરએસએસની છાપ દેખાય છે.*

*ગુજરાતમાં આરએસએસ પહેલેથી કામ કરી રહ્યું હતું. દુર્ગાવાહિની, બજરંગદળ, વનબંધુ યોજના જેવાં કામ થઈ રહ્યાં હતાં. ૧૯૭૨થી પ્રવૃત્તિ ચાલતી હતી. પણ જેમ-જેમ ભાજપ સત્તા તરફ વધતો ગયો એમ મીડિયામાં તેની નોંધ લેવાતી ગઈ. ૧૯૮૯ની ચૂંટણીમાં લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે એ સમયે ટીવી સુપરસ્ટાર તરીકે લોકપ્રિય એવાં રામાયણનાં પાત્રો ભજવતા દીપિકા ચીખલિયા, અરવિંદ ત્રિવેદી અને ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર ગણાતા મહેશ અને નરેશ કનોડિયાને પાર્ટીમાં લાવવામાં આવ્યા.*

*ચીમનભાઈ પટેલ સાથે સરકાર બનાવી અને પછી સંઘના પ્રયોગો વધવા લાગ્યા. વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ જેવી ભગિની સંસ્થાઓ મજબૂતીથી બહાર આવી રહી હતી. એ સમયગાળામાં ૨૫ સપ્ટેમ્બરે લાલકૃષ્ણ અડવાણીએ સોમનાથથી રામ રથયાત્રા શરૂ કરી અને સંઘનો ગુજરાત ભાજપમાં પગ વધારે મજબૂત થયો. નવા પ્રયોગોના નામે ભાજપમાં સંઘનું વર્ચસ્વ વધતું ગયું. એ સમયે સંસદસભ્યો વિધાનસભા ચૂંટણી ન લડી શકે એ નિર્ણય ખરેખર કેટલાક નેતાઓની ગોઠવણ કરવા માટેનો પેંતરો કહેવાય છે.*

*એ ગાળો એવો હતો કે ભાજપમાં અચાનક નિર્ણય લેવાતા હતા. જોકે હજી ભાજપ સસ્પેન્સ જાળવી રાખવામાં માહેર મનાય છે, મુખ્ય મંત્રી અને મંત્રીમંડળ જે રીતે રાતોરાત બદલાઈ જાય છે અને એકદમ નવો ચહેરો જે ચર્ચામાં પણ ન હોય તેને ટોચનું પદ સોંપી દેવામાં આવે છે. સંગઠન હોય કે મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણી હોય જૂના લોકોને બદલીને દરેક નેતા પોતાના જૂથને સાચવી લેવામાં લાગેલા હતા. સંઘના નામે બાકી લોકોને ચૂપ કરાવી દેવામાં આવે છે?*

# ફિફા વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાની જીત બાદ, ભારતમાં રમખાણો બાદ લોહિયાળ ઉજવણી!

ત્રિવેન્દ્રમ,તા.૧૯

કતારમાં ૨૦૨૨ FIFA વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાના વિજય બાદ કેરળમાં ઉજવણીએ અરાજકતા તરફ વળાંક લીધો હતો. અહીં મોડી રાત્રે બે જૂથો વચ્ચે ઉગ્ર હિંસા થઈ હતી. કેટલાક અસામાજીક તત્વોએ પોલીસ અધિકારીઓ પર પણ હુમલો કર્યો હોવાના અહેવાલ છે. આ ઉપરાંત, કન્નુરમાં એક વ્યક્તિને છરો મારવામાં આવ્યો હતો. હિંસામાં ઘણા ફૂટબોલ ચાહકોને ગંભીર ઈજાઓ પણ થઈ છે. રાજ્યમાં અનેક જગ્યાએથી હિંસા અને અથડામણની ઘટનાઓ સામે આવી છે.

અહેવાલ મુજબ, પોલીસ અધિકારીએ યુવકોને ઉજવણી માટે ટ્રાફિકને અવરોધિત ન થવા કહેતા કોચીના કાલૂરમાં એક સિવિલ પોલીસ અધિકારી પર ફૂટબોલ ચાહકોએ હુમલો કર્યો હતો. જણાવી દઈએ કે, ફૂટબોલ ચાહકો આર્જેન્ટિનાની જીતની ઉજવણી કરતા રસ્તા પર ઉતરી આવ્યા હતા. જ્યારે પોલીસ અધિકારીએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો, તો તેમના પર હુમલો કરવામાં આવ્યો અને રસ્તા પર ખેંચી પણ ગયા હતા.કન્નુરમાં આર્જેન્ટિના અને ફ્રાન્સ વચ્ચેની ફાઈનલ મેચ જોઈને ઘરે પરત ફરતી વખતે ૨૪ વર્ષના અનુરાગને પાંચ લોકોએ ચાકુ મારીને હત્યા કરી દીધી હતી. પલીયામૂલા નેતાજી આર્ટસ એન્ડ સ્પોર્ટ્સ ક્લબ પાસે મેચની સ્ક્રીનિંગ બાદ ઝઘડો થયો હતો, જ્યાં અનુરાગને છરો મારવામાં આવ્યો હતો. હુમલામાં અનુરાગ ગંભીર રીતે ઘાયલ થયો હતો અને હાલમાં તેની કન્નુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

તે જ સમયે, ત્રિવેન્દ્રમમાં પોલીસ અધિકારીઓને મારવાની ઘટના સામે આવી છે. પોઝિયુર સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટરને આ વિસ્તારમાં હંગામો મચાવતા નશામાં ધૂત જૂથને કાબૂમાં લેવાનો પ્રયાસ કરતી વખતે ઈજા થઇ હતી. ઉલ્લેખનીય છે કે, લિયોનેલ મેસીની આગેવાની હેઠળની આર્જેન્ટિનાની ટીમે પેનલ્ટી શૂટઆઉટમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સને ૪-૨થી હરાવ્યું હતું. વિશ્વના અન્ય ભાગોમાંથી પણ હિંસાના અહેવાલો સામે આવ્યા છે.

લાડ લડાવે છે!
વાલો આકળ વિકળ થઈ,
કાલિન્દીમાં કંકર ફેંકે છે,
વાલો અત્યંત અકળાઈ જઇ,
વાલો કદંમ્બના પર્ણો તોડે છે.
હું બોલાવું , કોઈ ન આવે,
ગરમ ગરમ બદદુવા કાઢે છે.
વાલો શરદની સલૂણી રાતે
રાધાને રાસ રમવા બોલાવે.
છૈંયાછોરાના બહાના કાઢી,
ગોપી વાલાની દિલને તોડે છે
વિરહ,મિલન વાલાને હોય?
શિવ જીવને લાડ લડાવે છે!!
ભરત વૈષ્ણવ
૧૯.૧૨.૨૦૨૧.# કવિતા

# "ભવિષ્યમાં પક્ષને પ્રચંડ પરાજયના પંથે અગ્રેસર કરવા માટે કાર્યકરો જાનની બાજી લગાવશે!!!"

ચૂંટણી પરિણામોની સમીક્ષા માટેની કારોબારી સમિતિનો એક લીટીનો ઠરાવ

મહેરબાની કરી શાંતિ રાખો.ભાઇઓ અને બહેનો આજની કારોબારીનો એજન્ડા ગુપ્ત છે. કેમ કે, એ ગુપ્ત મતદાન જેમ ગોપનીય છે. જુઓ મચ્છી માર્કેટ જેવું વાતાવરણ ના કરો, પ્લીલીઈઇઝ !! સામેના પક્ષના વાડામાંથી શાખામૃગની ( આ નવું હરણ લાયા હો! એક શિંગડાવાળું, શિંગડા વગરનું હરણ સાંભળેલું . રામાયણમાં સોનાના હરણની વાત આવે છે. જે વાસ્તવમાં માયાવી મરીચ હતો.,ઘરવાળીઓ પણ સોનેરી મૃગ જેવી માયાવી હોય છે!! શાખામૃગ એટલે વાનર . !!!) તમારે ત્યાં શિસ્તની માને પ હોય છે. આપણે કડર બેઈઝડ ડિસિપ્લિન્ડ પાર્ટી છીએ( ટિકિટ માટે મારામારી કેમ થાય છે? ટિકિટ ન મળનાર બળવો કેમ કરે છે? બીજા પક્ષનો ભંગાર કેમ લઈએ છીએ?? આપણો પણ કબાડી બજાર છે?? આટલું બધું પાછળથી કોણ મનમાં બોલે છે?? સાહેબ કેવળ મનની વાત કરતા નથી , તમારા મનનું સ્કેનિંગ કરીને તમારા મનસુબા પણ પકડી પાડે છે!!તમને ટિકિટ ન મળી એટલે ભડાશ કેમ કાઢો છો? તમારે યંગ જનરેશને જૂની ખડુસ અને ડામીસ પેઢીના નેતા માટે હલાલ થવાનું છે!! એમને તો ગામે ગામ સમારંભ યોજી સોક્રેટીસ સૂચિમાં - માર્ગદર્શક મંડળમાં ધામધૂમથી સામેલ કરવાના છે. ખબરદાર કોઈ માર્ગદર્શન કે સલાહ દોડી ગયા છો! તમારી ખેર રહેશે નહીં. એમની અહર્નિશ ફરજિયાત આરામમહે સ્થિતિમાં ખલેલ પાડવાની નથી. એમના જન્મદિવસે સાહેબ શુભેચ્છા પાઠવી તેના જખ્મો લીલાછમ કરશે. તમારે બર્થડે ટ્વિટ, રિટ્વિટ કરવાની નથી!!

હવે અંડાગંડા, ગંડાગંડા અને હથકંડા કારોબારીમાં આવી પહોંચવામાં છે. સાહેબને કોઇ નમે તે ગમતું નથી પણ ચરણકમળમાં આલ્સેશિયન ડોગની જેમ લોટપોટ થાય તે ખૂબ જ ગમે છે!! અત્યારના મંત્રી સાંસદો લોટપોટ થઇ પ્રગતિને પામ્યા છે.

કળિયુગમાં ભક્તિનો સર્વોત્તમ પ્રકાર ચરણમાં સાષ્ટાંગ દંડવત કરવાને ગણવામાં આવે છે! ફેંસલો તમારે કરવાનો છે!! આગળ વધવું કે પાછળ ધકેલાવું!!તમારું ગળું બેસી જાય સાહેબનો તેટલો પ્રચંડ જયઘોષ કરવાનો છે. ભૂલથી પણ જયહિન્દ બોલવાનું નથી. એ સ્લોગન ટુકડેટુકડે કડકીબટકી પરિવારવાદીઓનું છે!!

આપણા સાહેબોની પાર્ટીમાં આલાકમાન તરીકે ઓળખાતી સમિતિમાં બસો પચાસ ઉપરાંત સભ્યો છે!!જેના કરતાં માત્ર ત્રણ રાજ્યોની વિધાનસભાની બેઠકો વધુ છે .વડીલોના ગૃહ તરીકે ઓળખાતી રાજ્યસભામાં પણ તેના કરતાં ઓછી સીટો છે. આ સમિતિના સભ્યો કરે છે શું? આ જમ્બો સમિતિની શું જરૂર? ઝાઝા રસોઈયા રસોઇ બગાડે કે નહીં?? આવી સમિતિની બેઠકો ઈન હાઉસ એટલે ખાનગી રાહે મળે. બેઠકમાં ચા-પાણી કે ચાના એંઠા કપ- રકાબી કે નાસ્તાની ડીશો લાવવા જવા માટે સેવકોની અન્ટ્રી પ્રતિબંધિત હોય છે. બેઠક શરૂ થાય તે પહેલાં મીડિયાને વિઝયુલ લેવા માટે મિનિટ-બે મિનિટ પ્રવેશવાની છૂટ હોય. બાકી બધું અભેદ કિલ્લા જેવું રહસ્યમય અને ગોપનીય હોય છે.અનુમાન લગાવવાની છૂટ છે!!!

કારોબારી સભ્યોએ શું કરવાનું તેની પણ યાદી અહીં પ્રસ્તુત છે

ધીરે ધીરે સભ્યો નાના જૂથમાં બેઠક સ્થળે આવે છે. પરંપરાગત કફની - લેંઘા, ઝભ્ભા-ધોતિયાધારી તમામ વયજૂથના પુરૂષોએ કફની કે ઝભ્ભા પર કોટિ પહેરેલી છે સાડી કે પંજાબી સુટમાં બહેનો આવી રહી છે. સભાના ઉદઘોષક સાહેબ બેઠક સ્થળે આવવા નીકળી (કયાંથી નીકળ્યા એ કહેતો નથી) ચૂક્યા છે થોડી જ વારમાં સાહેબ આવી પહોંચશે. ડેલીગેટસ આર હંમ્બલી ( વાસ્તવમાં ફોર્સફૂલ્લી) રીકવેસ્ટેડ ટુ ઓકયુપાય યોર સીટસ.આવી પાંચેક વાર સૂચના આપી. તેની કોઈ અસર નહીં.

મોટા સાહેબ સિકયોરિટીના રસાલા સાથે આવે છે. સાહેબ સંસ્થાકીય સ્વાયત્તા પર મનનીય(એને જખ મારીને મનનીય કહેવું જ પડે- એ આ સમિતિના સભ્યોની મુખ્ય અને પાયાની અનિવાર્ય ફરજ છે)

મોટા સાહેબ બેઠક સ્થળે આવે એટલે પ્રચંડ ગગનભેદી સૂત્રોચ્ચાર કરવાની બીજી ફરજ. જેથી પક્ષના છદ્મ, આંતરિક વિરોધ કે બીજા વિરોધ પક્ષના હાજા ગગડી જાય. આ બીજી ફરજ.

એજન્ડા વગરની બેઠક કે બેઠક વગરના એજન્ડા અંગે બબાલ કરવી નહીં. આ ત્રીજી ફરજ.

સૂર્યમુખીનું ફૂલ સૂરજ જેમ ફરે તેમ તેની દીશા બદલે તેમ તન-મન-ધન મોટા સાહેબ તરફ રાખવું. આ ચોથી ફરજ.

સહેલાં કે અઘરા તમામ પ્રકારના પ્રશ્નમાં જે તે કક્ષાએ નિર્ણય લેવાના બદલે નિર્ણય લેવાની સતા સાહેબને સોંપવાનો અનાસક્ત નિર્ણય લેવો.આ પાંચમી ફરજ.

બેઠકમાં સાહેબ જે નિર્ણય કરે તેને સમર્થન આપવું. સાહેબ જે નિર્ણય ન કરે તેને પણ સમર્થન આપવું. આ છઠી ફરજ.

બેઠકમાં હાજર રહેલાની યાદીમાં નામ સામે સહી કરવી, નામ લખેલ ન હોય તો બખાળો કર્યા સિવાય હોહો કર્યા વિના ચૂપચાપ જાતે નામ લખી સહી કરવી.

સહી કરવા માટે પેન ન હોય તો રજીસ્ટરમાં દોરાથી બાંધેલ પેનથી સહી કરી પછી આદત સે મજબુર બની તમામ પારકી વસ્તુ ઘરભેગી કરવાની એઝ યુઝવલ આદત મુજબ પેન ગજવામાં ન ધાલવી.કેમ કે, હોલમાં સીસીટીવી ઉપરાંત સાહેબના ચાડિયા હાજર હોય જ છે તે યાદ રાખવુ.આ સાતમી ફરજ.

બેઠકમાં આવતા નાસ્તા અને અન્ય પેયને ખટપટ કર્યા સિવાય ન્યાય આપવો. ડીશમાં વધેલ નાસ્તો પાર્સલ પેક કરવા દુરાગ્રહ ન રાખવો. આઇસ્ક્રીમની ડંડી સાહેબના દેખતા કયારેય ચાટવી નહીં , નહીંતર સાહેબ તમને ધૂળ ચાટતા કરી દેશે.આ આઠમી ફરજ.

પદ રહેવું એ મૂળ જરૂરિયાત છે. દેશની સમસ્યા કે બીજા મુદે બિનજરૂરી કે જરૂરી આકરી પ્રતિક્રિયા ઈન્સ્ટા, ટ્વીટર,ફેસબુક,ટેલિગ્રામ કે કોઇ પ્લેટફોર્મ પર કરવી નહીં નહીંતર ઘડોલાડવો થઈ જશે પછી મારો શો વાંક ગુનો જેવી રેકર્ડ લગાડવી પડશે!! આંખો મીંચીને સાહેબની પોસ્ટ રીટવીટ કરવી, બધાને શેર કરવી , સાહેબના શૈશવમા પ્રેરણાત્મક પ્રસંગો પર લેખ લખવા.આ નવમી ફરજ.

ફરજની આ યાદી ટોકન છે!!

સાહેબ આવ્યા .અંડાગડા, ગંડાહંડા હથકંડા ખુરશીમાં ગોઠવાયા. સાહેબને હારતોરા થયા. ફોટા પડયા. એનાઉન્સરે સાહેબકથા સંપૂર્ણ ભક્તિભાવથી કહી. સાહેબ સિવાય બીજા કોણે મનનીય, પ્રસંશનીય, પ્રેરક, વિચારોતેજક પ્રવચન કરવાનું હોય? એમ, તો ઘણા થનગનભૂષણ, માઇકદૂષણ ઉછળતા હોય!! પણ શિસ્તનો કોરડો ક્યારેય સ્નેહાળ હોતો નથી!!

" કાર્યકર મારા દિલમાં વસે છે( અદાણી, અંબાણી, માલ્સા ફાલ્યા દિલ કી ગલી છોડીને પતલી ગલીમાં જતા રહ્યા છે!) મને વિશ્વાસ થતો નથી.

આ મતદારો પ જવાદો!! આપણે તેને પગની જૂતી ગણ્યા ,ટેકસના બોજથી તેની કમર વળી ગઇ તૂટેલા રોડ સાથે ભગ્ન સ્વપ્નો ( એના પર પણ અઠાવીસ ટકા જીએસટી ઠપકારી દીધો!!)સાથે જીવતા રહ્યા. તેમને શેરડીના સંચે પીલીને તેનું લોહી ઉધ્યોગપતિને પીવડાતા રહ્યા !! પણ આ અબુધ, ભોળિયો,ચવાણું, બાટલી કે સાડીની લાલચમાં આપણા પર ચોકડી મારતા રહ્યા અને આપણે પ્રચંડતમ બહુમતીથી જીત્યા. આમાં આપણા રણનીતિ,લઘુમતી -બહુમતીને પારસ્પરિક લડાવવાની નીતિ,વિકાસનો વાયરો, મારો ચહેરો ,ચૂંટણી ઢંઢેરો, નાણા કોથળાબધું જ ફેઇલ હતું. મતદારોએ કરેલી ભૂલ અંગે આપણે આત્મમંથન કરવાનું છે.

આપણી કયાં ભૂલ થઇ કે આપણને આટલી મોટી સજા મળી!!આપણે આપણી ખામીઓ ઉજાગ કરવામાં આજથી જ લાગી જવાનું છે! આપણે પરાજય પ્રતિ ગતિ, પ્રગતિ, અધોગતિ કરવા આજથી જ કામે લાગી જવાનું છે."

કારોબારીએ એક લીટીનો ઠરાવ કર્યો કે ચૂંટણીમાં મળેલી જીત એ વિદેશી કાવતરું છે, જનતાનો ચુકાદો અનપેક્ષિત છે. કારમી હારની તમન્ના હતી. ભવિષ્યમાં પક્ષને પ્રચંડ પરાજયના પંથે અગ્રેસર કરવા માટે કાર્યકરો જાનની બાજી લગાવશે!!!ભારત માતાકી જય. વંદે માતરમ!!

ભરત વૈષ્ણવ
૧૯.૧૨.૨૦૨૨.

( આ એક હાસ્યલેખ છે. હાસ્ય નિષ્પન્ન કરવાનો આશય છે. મહેરબાની કરી બંધબેસતી પાધડી પહેરવી નહીં)

# ૨૦ ડિસેમ્બર, "આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ"

**એકતામાં જ અખંડીતતા**
**હું માનવી માનવ થાવ તો ઘણું**



વિશ્વભરમાં દર વર્ષ તા. ૨૦મી ડિસેમ્બરે "આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ" ઉજવાય છે. ભારતીય સંસ્કૃતિમાં તો 'વસુદેવ કુટુમ્બકમ્' ની ભાવના પ્રાચીનકાળથી જ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં વર્ષ-૨૦૦પમાં પ્રતિ વર્ષ "આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ" ઉજવવાનો પ્રસ્તાવ પાસ કર્યો હતો. વિવિધતામાં એકતાના દર્શન, વિવિધ દેશો વચ્ચે થયેલી સમજૂતિઓ તથા સામૂહિક કરારોની સમીક્ષા, વિશ્વનાં દેશોમાં 'પબ્લિક ટુ પબ્લિક' કોન્ટેક્ટ વધે અને ગ્લોબલ ઓલિડારિટિ એટલે કે વૈશ્વિક એકતાની ભાવના ઊભી થાય તે ઉપરાંત અવિરત વિકાસ, ગરીબી નાબુદી અને બીમારીઓ સામેની લડતમાં વૈશ્વિક એકતા ઉભી થાય તેવા ઉદેશ્યથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ મુજબ 'સર્વે સુખિનઃ સન્તૂ સર્વે સન્તૂ નિરામયા' ના મંત્ર અનુસાર વિશ્વ બંધુત્વની ભાવના શાસ્ત્રોમાંથી જ પ્રજ્વલિત છે, જેનો વૈશ્વિક પ્રચાર થાય છે. 'વિવિધતામાં એકતા' આ વાત લોકો જાણતા જ હોય છે પરંતુ તેને કોઈ અનુસરતું નથી.

આજે વિશ્વનાં યુવાનોને સમજાવવાની જરૂર છે કે સમગ્ર વિશ્વ માટે એકતા કેટલી મહત્વની છે. આજે વિશ્વમાં જાતિવાદ, જ્ઞાતિવાદ, કોમવાદ, ગોરા કાળાનો ભેદ ધરાવતા વિભિન્ન લોકો વસે છે. આવા લોકોની સંસ્કૃતિ અને સભ્યતા ભલે જુદી જુદી હોય પરંતુ અંતે તો બધા માણસ જ છે ને છતાં પણ વર્તમાન સમયમાં દેશ-દેશ વચ્ચેની એકતા હોય, રાજ્ય-રાજ્ય વચ્ચેની હોય, શહેર-શહેરની હોય કે પછી પરિવાર વચ્ચેની કેમ ન હોય ક્યાંય એકતા જોવા મળતી નથી. પરિવારમાં પણ સંપનો અભાવ જોવા મળે એ તો ખરેખર દયનીય બાબત છે. આજે એકતા તો દુરની વાત છે પણ સૌ કોઈ હરીફાઈની હોડમાં છે જેનાં કારણે આર્થિકથી લઈને બીજા તમામ પ્રકારનાં નુકસાન થાય છે. એકતા માટે આજની પેઢી અને પહેલાની પેઢી વચ્ચે પરસ્પર વિચારોનું સાતત્યપૂર્ણ આદાનપ્રદાન ખૂબ જ જરૂરી છે, કારણ કે આજનો યુવા જુની પેઢીના વિચારોનો ખૂબ વિરોધ કરે છે તો જુની પેઢીના લોકો આજના યુવા પેઢીના વિચારો સાથે સહમત થતા નથી. એના કારણે જ પરિવારમાં મોટા ભાગના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તેથી એકતાનું મહત્વ પહેલા પરિવારને સમજવું જોઈએ, જે સમાજનું સૌથી નાનું એકમ છે. કારણ કે જો સમાજમાં એકતા ન હોય તો આપણે ગામ, શહેર, રાજ્ય અને દેશમાં એકતાની અપેક્ષા કેવી રીતે રાખી શકીએ ! તેથી એકતાનું મહત્વ સમજીએ અને પ્રેમ, ત્યાગને અપનાવીએ.

એકતામાં જ અખંડીતતા.

હું માનવી માનવ થાવ તો ઘણું

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# મોહનજી ભાગવત અને કુમાર મંગલ બિરલાજી દ્વારા સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહનું મુંબઈ ખાતે અભિવાદન કરાયું



વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' ના મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારના એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહ અને સાથી ટીમના માર્ગદર્શનમાં સમસ્ત મહાજન (ગિરીશભાઈ શાહ મોઃ ૯૮૨૦૦ ૨૦૯૭૬) દ્વારા અનેકવિધ સુપ્રવૃતિઓ સતત કરવામાં આવે છે. સમસ્ત મહાજન દ્વારા ૨ દિવસીય કાર્યકારિણી બેઠકનું તા. ૧૭ અને ૧૮ ડિસેમ્બરનાં રોજ મુંબઈ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૮ ડિસેમ્બર , રવિવારનાં રોજ ભારત વિકાસ પરિષદ ( મહારાષ્ટ્ર- કોંકણ પ્રાંત) દ્વારા આયોજિત ડૉ. સૂરજ પ્રકાશ(સંસ્થાપક , ભારત વિકાસ પરિષદ) જન્મશતાબ્દી સમાપન સમારોહ બિરલા માતુશ્રી હૉલ , મુંબઈ ખાતે સમસ્ત મહાજનનાં સૌ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ દિવસે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનાં મોહનજી ભાગવતે પોતાનું અનુભવ સિધ્ધ માર્ગદર્શન આપ્યુંતેમજસુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ કુમાર મંગલ બિરલાજી પણ ઉપસ્થિત રહ્યા હતા. ભારત વિકાસ પરિષદ આયોજિત સમારોહમાં સ્વયં સેવક સંઘનાં મોહનજી ભાગવત અને કુમાર મંગલમ બિરલાજી, સુરેશજી જૈન , શ્યામ શર્માજી દ્વારા સમસ્ત મહાજનનાં સેવાકીય કાર્યોને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી દેવેન્દ્રભાઈ જૈન , નૂતનબેન દેસાઇ , પરેશભાઈ શાહ , ગિરીશભાઈ સત્રા, હીરાલાલ જૈન, તિવારીજી (સેન્સર બોર્ડ) , કુમારપાળ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભારત સરકારના પશુપાલન મંત્રાલયનાં માનદ સલાહકાર મિતલ ખેતાણી , ધીરુભાઈ કાનાબાર (કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઈન) , વિજયભાઇ ડોબરીયા (સદભાવના વૃધ્ધાશ્રમ) એ પણ ખાસ રાજકોટથી હાજરી આપી હતી. ભારત વિકાસ પરિષદ ( મહારાષ્ટ્ર- કોંકણ પ્રાંત) દ્વારા આયોજિત સમારોહનાં અધ્યક્ષ ગજેન્દ્રસિંહ સંધૂજી, સંયોજક લક્ષ્મીનિવાસ જાજુજી , અને આયોજક તરીકે મહેશ શર્મા , યતીશ ગુજરાતી , ભીમજીભાઈ રૂપાણી રહ્યા હતા.

# એનીમલ હેલ્પલાઈન દ્વારા 'ઉદય કારાવદરા ચેરીટેબલ એન્ડ એનીમલ વેલ્ફેર ટ્રસ્ટ' – પોરબંદરનાં ડૉ. નેહલ કારાવદરા સાથે વેબિનારનું આયોજન થયું

ટ્રસ્ટ દ્વારા ૧૫૦૦૦ જેટલા અબોલ જીવોની સારવાર કરવામાં આવી છે – ડૉ. નેહલ કારાવદરા

જીવદયા પર થયો અનોખો વાર્તાલાપ

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા 'ઉદય કારાવદરા ચેરીટેબલ એન્ડ એનીમલ વેલ્ફેર ટ્રસ્ટ' - પોરબંદરનાં ડૉ. નેહલ કારાવદરા સાથે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વેબીનારમાં ડૉ. નેહલ કારવદરાએ ટ્રસ્ટની સ્થાપના, હેતુ અને કામગીરી વિષે વિવિધ માહિતી જણાવી હતી અને પોતાને પશુઓ પ્રત્યે પ્રેમ કઈ રીતે જાગ્યો તેની વાત કરી હતી. "એક કદમ માનવતા ભણી" અનુસાર માનવતા ત્યારે જ સાર્થક કહેવાય જયારે મનુષ્યની સાથે સાથે અન્ય સજીવો પણ એના પૂરા અધિકારથી જીવે. એના અધિકારો છીનવી ન લેવા,પરંતુ એનું રક્ષણ એ જ માનવ ધર્મ છે. 'ઉદય કારાવદરા ચેરીટેબલ એન્ડ એનીમલ વેલ્ફેર ટ્રસ્ટ' – પોરબંદર આ જ સિદ્ધાંત સાથે જીવદયા ક્ષેત્રે પ્રસંશનીય કામગીરી કરી રહ્યું છે. તેમના દ્વારા વન્યજીવ અને અબોલ પશુ –પક્ષીઓનાં કલ્યાણ અર્થે વૈજ્ઞાનિક પદ્ધતિએ પ્રયાસો થઇ રહ્યા છે. તેમના દ્વારા બિમાર કે ઘાયલ પશુ-પક્ષીઓનાં રેસ્ક્યુ,સારવાર તેમજ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. ટ્રસ્ટ સંચાલિત 'ગ્રુપ ફોર બર્ડ એન્ડ એનીમલ્સ' નામે એક વર્ચ્યુઅલ ગ્રુપ પણ કાર્યરત છે. જેમાં ૫૦૦ ઉપરાંત સેવાભાવી સભ્યો સ્વૈચ્છિક રીતે મૂંગા જીવોની સારવાર-ભોજન માટે ખુબ જ પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છે.

ડૉ નેહલ કારાવદરા સરકારી શાળામાં વિજ્ઞાનનાં શિક્ષક છે. તેઓ છેલ્લા ૧૨ વર્ષોથી જીવદયા ક્ષેત્રે વિવિધ કામગીરી કરી રહ્યા છે. બે વર્ષ પહેલા એમના ભાઈ ઉદય કારાવદરાનું એક્સિડન્ટમાં મૃત્યુ થયું અને પછી એમણે 'ઉદય કારાવદરા ચેરીટેબલ એન્ડ એનીમલ વેલ્ફેર ટ્રસ્ટ'ની સ્થાપના કરી. તેમના સેવા કાર્યની શરૂઆત 'જેકી' નામનાં એક કૂતરા થકી થઇ હતી. જેકી જયારે ૧૫ દિવસનો હતો ત્યારે તે ખુબ જ બીમાર હતો અને તેની સારવાર પોરબંદરમાં ક્યાંય શક્ય થતી નહતી. નેહલજી અને તેમના મિત્રોએ ઘણા પ્રયાસો કરીને જેકીને બચાવ્યો અને અત્યારે એ ૧૨ વર્ષનો થયો છે. એ સમય બાદ તેઓ વિવિધ પશુ, પક્ષીઓની સારવાર કરતા ગયા અને પોતાનું કાર્ય આગળ વધારતા ગયા. પોરબંદર જીલ્લામાં કે આસપાસનાં વિસ્તારમાં ક્યાંય પણ કોઈ પશુ -પક્ષી બિમાર કે ઘાયલ હોય તો ત્યાં સ્થળ ઉપર જઈને તેના બચાવ અને સારવારની કામગીરી કરવામાં આવે છે. સ્થાનિક પશુ ચિકિત્સકની મદદ અને માર્ગદર્શન લઈ પ્રાથમિક સારવાર બાદ જો વિશેષ સારવારની જરૂર જણાય તો જે તે પશુને શેલ્ટર હોમમાં રાખવામાં આવે છે, જ્યાં તાલીમબદ્ધ સેવકો અને સરકારી અથવા ખાનગી પશુ ચિકિત્સકોની મદદથી તેમના ઓપરેશન સહિતની કામગીરી કરવામાં આવે છે ત્યાર બાદ સ્વસ્થ થઇ જતાં તેઓને મૂળ જગ્યા એ પુનઃ સ્થાપિત કરવામાં આવે છે. વર્તમાન સમયમાં ટ્રસ્ટનાં શેલ્ટરમાં ૭૦ થી વધુ કૂતરા, ૨૦ થી વધુ બિલાડીઓ અને ૮૦ થી વધુ પક્ષીઓ રહે છે.ટ્રસ્ટ દ્વારા કોરોના કાળમાં તથા ચોમાસા દરમિયાન દરરોજ લગભગ એક હજારથી વધુ અબોલ જીવો માટે લોક સહયોગથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પશુધનમાં જયારે લમ્પી રોગ ફેલાયો હતો તે સમયમાં ૫૫૦ લમ્પીગ્રસ્ત ગૌધનની સારવાર કરવામાં આવી હતી. અત્યાર સુધી ટ્રસ્ટ દ્વારા ૧૫૦૦૦ જેટલા અબોલ જીવોની સારવાર કરવામાં આવી છે. ડૉ. નેહલ કારાવદરા એ પોરબંદર અને તેની આસપાસનાં વિસ્તારોમાં ઘણા લોકો ટ્રસ્ટને મદદરૂપ થઇ રહ્યા છે તેમનો આભાર માન્યો હતો. જે કોઈ વ્યક્તિ તન, મન, ધનથી 'ઉદય કારાવદરા ચેરીટેબલ એન્ડ એનીમલ વેલ્ફેર ટ્રસ્ટ' સાથે જોડાવા માંગતા હોય તેઓને ડૉ.




નેહલ કારાવદરા (મો. ૯૮૨૫૯ ૧૯૧૯૧) નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યુંછે. ટ્રસ્ટ દ્વારા ૧૫૦૦૦ જેટલા અબોલ જીવોની સારવાર કરવામાં આવી છે – ડૉ. નેહલ કારાવદરા

જીવદયા પર થયો અનોખો વાર્તાલાપ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG.SS.No.0098**

વિષયઃ- સહેલગાહ

પ્રકારઃ- ગદ્ય

શીર્ષકઃ- પાવાગઢ

મિત્રો, ચાલો આજે આપણે બધા પાવાગઢ માતાજીની મંદિરની સૈર કરીએ.આમ તો માતાજી ના દર્શન કરવા ની ઈચ્છા હોય તો માતાજીને શ્રદ્ધાથી યાદ કરીએ તો માતાજીના દર્શન થાય જ છે.

વડોદરા થી ૪૬ કિલોમીટર ની દુરી પર સ્થિત ગુજરાતના ડુંગર ઉપર આવેલું ઐતિહાસિક મહાકાળી મંદિર છે ત્યાં લાખો શ્રદ્ધાળુઓ દરરોજ દર્શને આવે છે ૧૧મી સદી જૂનું મંદિર છે.

પાવાગઢ ગુજરાતના સૌથી જૂનું મંદિર છે. પાવાગઢમાં ઘણા બધા મસ્જિદ અને મંદિરો છે. પાવાગઢ ૫૧ શક્તિપીઠો માંથી એક છે મંદિરમાં ત્રણ મૂર્તિ સ્થાપિત છે ૩ ૦૦ પગથિયા પાર કરીને માતાજીના દર્શન થાય છે.ઉપર પહોંચી ગયા બાદ તો ત્યાં નો કુદરતી નજારો બહુ જ રમણીય છે.

કહેવાય છે કે ૫૦૦ વર્ષ પહેલા શિખરને તોડ્યું હતું .૫૦૦ વર્ષ પછી આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજી ના હસ્તે પાવાગઢ મંદિરના શિખર પર ધ્વજા જી ફરકાવવામાં આવી. જમીનથી ૮૦૦ મીટરની ઊંચાઈ પર હજારો વર્ષ જૂનું આ માતાજીના મંદિર છે. માતાજીના દર્શન માટે ઘણી બધી સુવિધાઓ છે

રહેવાની ,ખાવા પીવાની અને જેનાથી પગથિયાં ના ચડાય એના માટે ડોલીની સુવિધાઓ ઉપલબ્ધ છે રોજના લાખો શ્રદ્ધાળુ આવે છે અને મહાકાળી માતાજી દર્શન કરે છે .માતાજી આપ સૌની મનોકામનાઓ પૂર્ણ કરે .જય માતાજી.

લીના શર્મા

હાલોલ.

---

**NOG** સાહિત્ય સરિતા પરિવાર

**NOG NO SS0011**

વિષયઃ- સહેલગાહ

પ્રકારઃ- મૌલિક રચના

શબ્દોઃ- ૧૦૬

શીર્ષકઃ- છે ત્યાં એ સ્વર્ગ સમું સહેલગાહ......

આહ ને વાહ નીકળે હોઠથી છે ત્યાં એ સ્વર્ગ સમું સહેલગાહ,
આન,બાન ને શાન મોજથી છે ત્યાં એ સ્વર્ગ સમું સહેલગાહ.
હરીયાળી ગાઈ ગીતો લહેરાવે પાણીની લહેરો સંગ સંગ રાહ પર,
મોસમની વાતો કંડારાઈ ખોજથી છે ત્યાં સ્વર્ગ સમું સહેલગાહ.
ખુશીઓની છોળો સ્ફૂરે સપ્તરંગી ગગને થઈ મેઘધનુષી પાર,
વસંતી વાયરો રંગાતો જ્યાં રોજથી છે ત્યાં સ્વર્ગ સમું સહેલગાહ.
વાદળ કરતો વાતયુ ગગને ચાંદ ને તારા સંગ હળવે હળવે મસ્ત બની,
ઝાકળ ચાંદ થઈ આવે પ્રભાતે ફોજથી છે ત્યાં સ્વર્ગ સમું સહેલગાહ.
માનવીના મહેરામણ કરતાં કિલ્લોલ ને ઝુમતા વન ,વનરાઈ ને ઝરણાં,
લાગણીઓની તો શોભે નોમથી છે ત્યાં એ સ્વર્ગ સમું સહેલગાહ.

- મનોજકુમાર પંચાલ
"મન"
પાલનપુર

---

**NOG SS No : 0092**

પ્રકાર :- પદ્ય

વિષયઃ- સહેલગાહ

શિર્ષક :- જીવનયાત્રા

કેવી અદભૂત યાત્રા પર,
પ્રભુએ મોકલ્યા જી!
પૃથ્વીલોક પર માનવદેહે,
અવતર્યા અમે હો જી.
ખુદ પ્રભુ સ્વયં આ યાત્રા કાજે,
પળ- પળ તલસે છે જી.
કદી ગોકુળ તો કદી અયોધ્યામાં,
માનવરૂપે અવતરે હો જી.
યાત્રામાં ચાર આવે પડાવ રૂડા,
શૈશવ, કિશોર, યુવા ને વૃદ્ધાવસ્થાના જી.
ચારેય પડાવે ઉપજે રૂડી યાદોને,
બાંધીએ અનુભવનું ભાથું હો જી.
મળે સ્વજનો ને મિત્રો યાત્રામાંય,
ક્યાંક બંધાયે પ્રીતિ જનમોજન્મની જી.
ક્યાંક પરભવની હોય લેણ-દેણ,
ક્યાંક સગાઈ લોહીની હો જી.
રિસાતા, મનાતા, લડતા- ઝઘડતા,
સહું સંગ કરીએ વ્યવહાર અમે જી.
થોડીક મીઠી ને થોડીક ખાટી,
સ્વજનો સાથેની પળો વીતે હો જી.
કોઈક સાથ નિભાવે આખી યાત્રામાંય,
તો કોઈ અધવચ્ચે મૂકીને ઉતરી જાય જી.
પ્રીતિ જેટલી ઊંડી એ જણની,
ઘા એટલા ઊંડા આપતા જાય હો જી.
યાત્રામાં દ્રશ્યો અનેક દેખાય,
પૂરું જોયા પહેલા આંખોથી ઓઝલ થાય જી.
કોઈ દ્રશ્યો સંગ બાંધી લે માયા ને,
કોઈ જલકમળવત રહે હો જી.
રસ્તા ઉબડ -ખાબડ આવે,
થાક ને કંટાળો ઉપજાવે જી.
કેટલાંક નાસીપાસ થઈ રોકાય તો,
કેટલાંક હિંમતે પાર ઉતરી જાય હો જી.
કોઈને જલ્દી મંઝિલે પહોંચવાની ઉતાવળ,
કોઈને યાત્રાનો પૂરો લ્હાવો લેવાની હોંશ જી.
કોઈ ફરિયાદ ને આક્ષેપોમાં યાત્રા બગાડે ને,
કોઈ માને પળે- પળ આભાર મોકલનારનો હો જી.
મંઝિલ સહુની પહેલેથી નક્કી,
ટીકીટ છે બસ એટલા મુકામની જ જી.
ના કોઈ એક સેકન્ડ વધુ રોકાય,
ના કોઈની એક સેકન્ડ પણ ઓછી થાય હો જી.
યાત્રાની એક જ ખાસ વાત,
કોઈ આપી જાય મીઠી યાદ જી.
જેટલો જોશ હો યાત્રાનો મનમાં,
એટલા જ સુખદ પરિણામો દેતી જાય હો જી.

# અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર..૧૯/૧૨/૨૨.

---

***NOG SS NO-* 0088**

વિષય- સહેલગાહ

પ્રકાર- પદ્ય

શીર્ષક- યાત્રા પરમ સમીપ કને!

નામ- ડૉ. મનીષા વ્યાસ

હાથમાં હાથ પરોવી નીકળ્યાં સહેલગાહે
આવ્યા કેટલાય ઉબડખાબડ રસ્તા છતાંયે..
હતાં કેટકેટલાંય પ્રલોભનો દિશાસૂચક પાટિયે..
માર્ગ ભટકવા સાથે ભયભીત અકસ્માત ભયે
પૂર, દુકાળ, વંટોળ વિઘ્ન ઉઠ્યાં કૈક જીવન મધ્યે
ને સતત લૂટાતાં રહ્યાં પરિચિતોના ઘનઘોર વને..
ન હાર્યા, હારવા દીધાં કે નાસીપાસ થયાં લગારે..
ડગમગતા સહી પણ પગ અણનમ અડીખમ ચાલે..
કદમથી કદમ મિલાવી નીકળ્યાં જીવન સહેલગાહે!
હે ઈશ! બની ભોમિયો પહોંચાડજે પરમ સમીપે!

ડૉ. મનીષા વ્યાસ??
અમદાવાદ

---

**NOG SS NO:004**

વિષયઃ સહેલગાહ

શબ્દઃ ૧૦૮

શીર્ષકઃ મનોરંજન

સહેલગાહ
માનવી મોજે
ઘૂમે અવની પર,
નીત નવીન
સૌંદર્ય પામે.
મનોહર તે
રમ્ય નભમાં
નિશા નક્ષત્ર પામે,
કરે સફર
હરખ પામે.
આહા, જીવન
ધન્ય થાએને,
આનંદે નિસર્ગ સઃ,
ડૂબ્યો સૂરજ
ક્ષિતિજ પામે.
દીઠી છે તમે,
જ્યાં ને ત્યાં,
ઘરા પરની લ્હાણ,
માનવી કર,
સહેલગાહ

જયશ્રી પટેલ ૨૦/૧૨/૨૨

---

**NOG SS NO - 0050**

વિષય - સહેલગાહ

પ્રકાર - ગદ્ય

..................................... સહેલગાહ શબ્દ સાંભળતાં જ અલગ અલગ ચિત્રો મનમાં ઉપસી આવે. મન નાચી ઉઠે પગ ઉતાવળા થાય. સહેલ કરવાં માટે મનડું દોડી ઉઠે.એ સ્થળને માનવું, જાણવું થોડાં સમય માટે મન ભરીને તેમાં જીવી લેવું એને સહેલગાહ કહેવાય. આનંદ મળે દેવભૂમિ દ્વારકા જિલ્લો ઓખા મંડળ દ્વારા તાલુકાનો પૌરાણિક સમયથી જાણીતું યાત્રાધામ ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ પ્રાચીન નગરી. આમ તો ચારધામમાંનું એક. શ્રીકૃષ્ણ કાળિયા ઠાકોરનું સુંદર કોતરણી વાળું ૬૦ થાંભલા પર ઉભું કરાયેલું ભક્તો સ્વર્ગ દ્વારાથી પ્રવેશે અને મોક્ષથી બહાર નીકળે છે વૈષ્ણવ સંપ્રદાય માટે વિશેષ મંદિર છે દ્વારકા થી ઓખા જમીન માર્ગે જવાય અને પછી બે દ્વારકા બોટમાં બેસીને જવાય તેમાં પ્રભુજીની બેઠક પણ છે શ્રીકૃષ્ણ ભગવાનની પટલાણીઓના મંડળ મંદિર ને શંખ તળાવ પણ મન ભરીને માનવા જેવા છે દેવભૂમિ નાં કણ કણમાં મારો કાળીયો વસે. આમ તો અયોધ્યા, માયાનગરી, કાશી, પૂરી ,

ધારામતી આ સાત નગરી મોક્ષ આપનારી કહેવાય. ધાર્મિકને આધ્યાત્મિક મહત્વ છે. ચારધામ દ્વારકા પણ આવે ગોમતી નદીનાં કિનારે આવેલું હિન્દુ ધર્મનું પવિત્ર તીર્થ. આમ જોઈએ તો મોટું રહસ્ય શ્રીકૃષ્ણના વૈકુંઠ ગયાં બાદ વસાવેલી દ્વારકા સમુદ્રમાં ગરકાવ થઈ ગયેલી. પણ અવશેષો મળી આવેલાં મામા કંસ અને મથુરાના કરેલાં અત્યાચારોને ,કંસનો વધ કરેલો. જરાસંઘ નાં વારંવાર આક્રમણોથી બચવા વ્રજભૂમિની રક્ષા કરવા શ્રીકૃષ્ણ નવા સ્થળે વસવાટ કર્યો. તેમને કુશાદિત્ય,

કર્ણૉદિત્ય ,સર્વૉદિત્ય, અસૂરોને સાથે યુદ્ધ કરી સમુદ્ર તટ પર દ્વારકા બનાવેલી. એ પહેલાં બારયોજન પાણી ખસેડી લેવાની વિનંતી કરેલી સાગરદેવને અને જગ્યા આપી.

વિશ્વકર્માજીને દ્વારકા બનાવી શ્રીકૃષ્ણનાં જીવનની અનેક ઘટનાઓ બનેલી છે. રુકમણી હરણ વિવાહ, જાંબવતી, રોહિણી, સત્યભામા,

કાંલિન્દી, અનેક વિવાહો , ત્યાં થયેલા હતાં. નરકાસુર, પારિજાત હરણ, બાળાસુર વિજય, ઉષા અનિરુદ્ધ વિવાહ ,મહાભારતનુ યુદ્ધ સંચાલન, દ્રોપદી ચીરહરણ રક્ષા, શિશુપાલ નો વધ આવા અનેક મંદિરોની ત્યાં સહેલની યાદીઓ છે. દ્વારકાની સમૃદ્ધિ સફળતાના શિરખરે હતી પાછળથી યાદવ ભોગવિલાસમાં ડૂબી ગયાં. યાદવોએ પિડતારણ ક્ષેત્રમાં રહેતાં ઋષિઓને હેરાન કરતાં માટે શ્રાપ આપ્યો ને શ્રાપિત ય યાદવો કાળક્રમે નાશ પામ્યાં. પ્રભુએ લીલા સંકેલી લીધી દ્વારકાનાં સંકટો પારખી ગયાં અને યાદવો સાથે પ્રભાત ક્ષેત્રે એટલે કે સોમનાથ એ આવી ગયાં દ્વારકાને છોડ્યું સમુદ્રનાં પાણી દ્વારકા પર ફરી વળ્યાં. કારણકે સમુદ્ર એ જે ભૂમિ આપેલી હતી એને પાછી લઈ લીધી. શ્રીકૃષ્ણનાં પુત્ર વજનાભ એ સુંદર વિશાળ મંદિર જે અત્યારે વિદ્યાવાન છે "જગત મંદિરના" નામે આમાં દર્શન કરતાં અનરી અનુભૂતિ થાય છે.

જગત મંદિર,ગોમતીઘાટ,

ગોમતી કુંડ ત્યાં નિષ્પાપ કુંડ માં પિતૃ તર્પણ ને પિંડ દાન કરાય છે. કૈલાસ કુંડનું ના પાણી ગુલાબી છે. એવું ઘણું બધું જોવા લાયક છે.

દ્વારકા જનારની માન્યતા એવી છે કે બેટ દ્વારકા જયા વગર દ્વારકાની યાત્રા અધુરી કહેવાય. જ્યાં નરસિંહ મહેતા ની હૂંડી સ્વીકારાયેલી, શ્રીકૃષ્ણએ પાંચ મોટા મહેલ બંધાવેલા છે ઉત્તરે મહેલમાં રુકમણી અને રાધા મહેલ, દક્ષિણમાં સત્યભામા ને જાંબવતીનો, સુંદર બેટ દ્વારકા શંખોદ્ધાર તીર્થમાં રણછોડરાયની મૂર્તિરૂપે દ્વારકાધીશ બિરાજે છે. ચોમાસામાં અગિયારસે દ્વારકાધીશની સવારી નીકળે છે અને અગિયાર જ ત્યાં હતાં અને લાભ મેળવ્યો. બે પટરાણીઓને સેવાની લાભ આપેલો છે લક્ષ્મીજી અને સત્યભામા ને .

શંખ નામના રાક્ષસનો વધ કરેલો ત્યાં શંખ તળાવ પણ કહેવાય છે. ત્રણ કિલોમીટરના ઘેરાવવામાં છે. હનુમાનજીની સોપારી માનતાં રખાય છે. પાતાળમાં રામચંદ્રજી અને લક્ષ્મણજીને લાવ્યાં હતાં. હનુમાનદાડીની પૌરાણિક માન્યતા છે. આસપાસ ઘણાં મંદિરો છે.

નાગેશ્વર જ્યોતિર્લિંગ મુખ્ય છે. ૮૫ ફૂટ ઊંચી શિવ પ્રતિમા છે. અમે તો મંદિરની પ્રતિમા જોતાં ભાવુક બની ગયાં. અત્યારે હું લખી રહી છું તો પણ જાણે મારી સમક્ષ ઝાંખી થાય છે. સુંદર મજાનું સહેલગાહ કરી અને હૃદયમાં વસાવી લીધું , માણી પણ લીધું. અત્યારે પણ પાછું લખતાં મને આનંદ રોમાંચક હૃદય થાય છે.

રાગીની શુક્લ" રાગ".મુંબઈ

---

**NOG SS N0: 0013**

વિષય : સહેલગાહ

પ્રકાર : ગદ્ય

શીર્ષક : ઈશ્વરની પ્રતીતિ

જ્યારે જ્યારે આપણે કોઈ
ધાર્મિક સહેલગાહે જઈયે
ત્યારે અચૂક આપણને
ઈશ્વરની પ્રતીતિ ડગલે ને
પગલે થાય છે.ફક્ત એને
પ્રત્યક્ષ આંખે આપણે નિહાળવાની હોય છે પણ
આપણે એને નિહાળી શકતા
નથી બલ્કે ઈશ્વર જ આપણ ને એ નિહાળવાની શક્તિ
આપતો નથી.ફક્ત ઈશ્વર
આપણને અનુભવ જ કરાવે છે.
મને યાદ છે અમે અમરનાથ યાત્રા એ ગયા અને બરફ માં ચાલવાનું
હતું જે ઘણું મુશ્કેલ કામ
હતું, તો યે ઈશ્વર કૃપા એ
અમે ઘણું બધું કષ્ટ વેઠી ને
એમના દ્વાર સુધી પહોંચ્યા,
પણ પછી જે પગથીયા ચડવાના હતા અને ઉપર
જવાનું હતું ત્યાં લગભગ બે
કલ્લાક નો સમય લાગે એવું
હતું. અને અમારી એવી તાકાત પણ નહોતી એટલે
અમે પાછા વળવાની તૈયારી કરતા હતા,ત્યાં
અચાનક એક નાનો બાળ ગોપાળ અમારી પાસે આવ્યો અને મૈયા ચલો
મેરે સાથ મૈ આપકો દર્શન
કરાતા હું થોડો વખત તો
અમે અસમંજસમાં પડી ગયા કે આ છોકરો ઓળખતો નથી ને કેવી
રીતે એનો વિશ્વાસ કરવો ?
પણ પછી અમે એની સાથે
ગયા અને આટલી બધી
ગરદી અને મિલેટરી હોવા
છતાં કોઇએ અમને રોક્યા
નહી અને અમે પણ થાકનું
નામોનિશાન વગર એની સાથે પહોંચી ગયા.અમે શાંતિ થી દર્શન કર્યા અને
એને અમે ૫૦૦ રૂપિયા
આપવા માંડ્યા તો એણે
કહ્યું નહી મૈયા મેરે પાસ
તો દિલ્હી જાને કે લિયે
પ્લેન કી ટિકિટ હૈ એમ કરી
ને એણે ટિકિટ પણ બતાવી.
બે મિનિટ પછી અમે બંને વાત કરતા તા એટલી
વારમાં તો આ નાનો બાળ
ગોપાળ કયાંક અદ્રશ્ય થઈ
ગયો અને ઘણી તપાસ કરી
તો પણ દેખાયો જ નહી.
આ અમારી સહેલગાહ
ખુબ યાદગાર રહી.

ઘનશ્યામ વ્યાસ.
" શ્યામ "

ડેઈલી માર્કેટ રિપોર્ટ

## એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં વૃદ્ધિ

**પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૭૭૦૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૮૯૩૭ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૨૯ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૧,૪૩૬ સોદાઓમાં કુલ રૂ.૧૬,૬૬૯.૪૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૭૭૦૩.૩૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૮૯૩૭.૨૪ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૨,૫૬૪ સોદાઓમાં કુલ રૂ.૩,૬૯૩.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૪,૩૫૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૪૯૦ અને નીચામાં રૂ.૫૪,૩૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૩ વધી રૂ.૫૪,૪૩૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૭ વધી રૂ.૪૩,૬૨૦ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૫ વધી રૂ.૫,૩૬૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪,૧૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૪૨ વધી રૂ.૫૪,૦૯૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૮૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૨૬૭ અને નીચામાં રૂ.૬૭,૫૭૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૪૧૬ વધી રૂ.૬૮,૦૬૬ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ. ૪૦૫ વધી રૂ.૬૮,૦૩૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૧૪ વધી રૂ.૬૮,૦૩૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૭૫૬ સોદાઓમાં રૂ.૧,૭૪૪.૭૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૦૯ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૦.૩૦ ઘટી રૂ.૨૭૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫ વધી રૂ.૭૦૭.૪૫ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૬ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૧૫૬ સોદાઓમાં કુલ રૂ.૨,૨૧૧.૯૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૨૩૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૪૦ અને નીચામાં રૂ.૬,૧૦૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૪ વધી રૂ.૬,૧૬૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૧.૧૦ ઘટી રૂ.૫૧૫.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬૮૦ સોદાઓમાં રૂ.૫૨.૯૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૦,૮૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦,૮૪૦ અને નીચામાં રૂ.૩૦,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૯૦ ઘટી રૂ.૩૦,૧૫૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૭.૯૦ વધી રૂ.૧૦૧૭.૩૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૩૦૨.૧૧ કરોડનાં ૨,૩૯૩.૮૮૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૩૯૧.૫૮ કરોડનાં ૩૫૧.૫૭૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૭૧.૦૨ કરોડનાં ૧૨,૩૭,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૪૪૧ કરોડનાં ૨૮૩૫૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૧.૪૭ કરોડનાં ૧૩૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૧.૪૬ કરોડનાં ૧૧૨.૩૨ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૭૭.૬૮૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૧૯.૯૩૪ ટન, ક્રૂડ તેલમાં ૧૦૬૫૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૪૮૧૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૩૯૦૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૩.૬ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૮.૮૬ કરોડનાં ૩૮૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૫,૧૯૩ના સ્તરે ખૂલી, ૪૫ પોઈન્ટ વધી ૧૫,૧૯૪ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૯૩૭.૨૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩૬.૩૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૩.૩૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૬૫૭.૨૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૭૦૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૭૯.૧૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦.૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૦.૭૫ અને નીચામાં રૂ.૧૧.૩૫ રહી, અંતે રૂ.૧૫.૨૦ ઘટી રૂ.૧૩.૬૫ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૭.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૮ અને નીચામાં રૂ.૨૦૬.૪૦ રહી, અંતે રૂ.૪.૨૦ વધી રૂ.૨૩૧.૩૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૮ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૧ અને નીચામાં રૂ.૩૫૩ રહી, અંતે રૂ.૪૧ વધી રૂ.૪૦૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૦ અને નીચામાં રૂ.૩૧૫ રહી, અંતે રૂ.૮૭ વધી રૂ.૩૭૭.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૮૭ ખૂલી, ઊપરમાં રૂ.૧,૭૧૦.૫૦ અને નીચામાં રૂ.૧,૫૦૦ રહી, અંતે રૂ.૧૪૯.૫૦ વધી રૂ.૧,૬૭૯ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮.૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૦.૮૦ અને નીચામાં રૂ.૧૬.૪૫ રહી, અંતે રૂ.૭.૧૦ વધી રૂ.૧૮.૩૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૨૬.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૯ અને નીચામાં રૂ.૨૮૫.૧૦ રહી, અંતે રૂ.૧૪.૫૦ ઘટી રૂ.૩૨૬.૧૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૮ ખૂલી, ઊપરમાં રૂ.૫૨૩.૫૦ અને નીચામાં રૂ.૪૫૧ રહી, અંતે રૂ.૪૫ ઘટી રૂ.૪૭૨ થયો હતો.

# ‘શ્રી કમલમ‘ખાતે થરાદના ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરી પક્ષના પ્રાથમિક સદસ્ય પદ પરથી રાજીનામું આપ્યું



આ પ્રસંગે ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ,રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી ભારતીબેન શિયાળ,પ્રદેશ સંગઠન મંત્રીશ્રી રત્નાકરજી તેમજ પ્રદેશના મહામંત્રીશ્રીઓ ,પ્રદેશના હોદ્દેદારશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. માનનીય શ્રી શંકરભાઈ ચૌધરીએ ભારતીય જનતા પાર્ટીમાથી રાજીનામુ આપ્યા બાદ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ, ભાજપના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી તેમજ પક્ષ-સરકારના અગ્રણીશ્રીઓની હાજરીમાં વિધાનસભાના અધ્યક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી.

# ગીર સોમનાથમાં કાર નાળા સાથે અથડતાં ૨નાં મોત; સુરતમાં બસની ટક્કરે યુવકનું મોત


ગીર સોમનાથ,તા.૧૯

ગીર સોમનાથના ઉનાના લામધાર ગામે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બે વ્યક્તિઓનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. મૃતક બે વ્યક્તિઓમાં એક ઉનાના ખાણ ગામનો વતની અને એક દેલવાડા ગામનો હતો. કારચાલક પોતાનો કાબુ ગુમાવતા કાર બેઠા નાળા સાથે અથડાઈ હતી, ત્યારે પોલીસે ઘટના સ્થળે પહોચીને વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં કારનો આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો છે, જ્યારે કાર ધડાકાભેર નાળા સાથે અથડતાં બે લોકોના મોત નિપજ્યાં હતાં.

સુરતના ભેસ્તાનમાં સીટી બસની ટક્કરે મ્ઇજી રૂટ ક્રોસ કરતા યુવકનું મોત થયું છે. સાથે રોડ ક્રોસ કરતો અન્ય યુવકનો માંડમાંડ જીવ બચ્યો છે. યુવકે બસને અટકાવવા માટે હાથ ઊંચો કર્યો છતાં ચાલકે બ્રેક ન મારી સીધો ધસી આવતા યુવકનું કરૂણ મોત થયું છે. જેને પગલે રોષે ભરાયેલા લોકોના ટોળાંએ બસમાં ભારે તોડફોડ કરી હતી. પાંડેસરા પોલીસે બસચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પંચમહાલમાં અકસ્માતમાં બે યુવકનાં મોત થયા છે. હાલોલના અભેટવા ગામ પાસે અકસ્માત થયો હતો. કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં બાઈકસવાર બંનેના મોત થયા છે. બંને મિત્રો નોકરીથી પરત આવતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. ઈકો કાર અને બાઇક વચ્ચે અકસ્માત થયો હતો. બાઇક પર સવાર ઈંટવાડી ગામના બે મિત્રોના કરુણ મોત થયા છે. બંને મિત્રો નોકરીથી પરત ફરી રહ્યા હતા ત્યારે અભેટવા ગામ નજીક અકસ્માતની ઘટના બની હતી.

સુરેન્દ્રનગર-લખતર હાઈવે પર બે બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. દેદાદરા ગામના પાટિયા પાસેના અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માતમાં અન્ય બે વ્યક્તિને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. દેદાદરા ગામના પાટિયા પાસે બે બાઇક સામ-સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત નિપજયું હતું.

# પ્રોટેમ સ્પીકર તરીકે યોગેશ પટેલે રાજભવન ખાતે શપથ લીધા, નવા અધ્યક્ષ તરીકે શંકર ચૌધરીએ ફોર્મ ભર્યુ



ગાંધીનગરઃ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ નવરચિત ગુજરાત વિધાનસભાના પ્રોટેમ સ્પીકર તરીકે વરિષ્ઠ ધારાસભ્ય યોગેશભાઈ પટેલને રાજ ભવન ખાતે શપથ લેવડાવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલ તેમજ મંત્રી મંડળના મંત્રીઓ અને રાજય સરકારના સચિવો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. રાજયપાલ અને મુખ્યમંત્રીએ યોગેશ પટેલને શુભેચ્છાઓ આપી હતી.ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવ્યા બાદ ૧૨ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમના મંત્રીમંડળે શપથ લીધા હતા. જે બાદ હવે ગુજરાત વિધાનસભાનું વિધાનસભા સત્ર મળવા જઈ રહ્યું છે. આજ તમામ ચૂંટાયેલા ધારાસભ્ય શપથ યોજાશે. સીએમ ભુપેન્દ્ર પટેલથી શપથ લેવાના શરૂઆત થશે. ત્યાર બાદ મંત્રીઓ અને ત્યાર પછી ચૂંટાયેલા પ્રતિનિધિઓ ધારાસભ્ય તરીકે શપથ લેશે. ધારાસભ્ય શપથ લેવાની સાથે તેઓ મળતા પગર ભથ્થા સહિત તમામ લાભ મળતા હક્કો શ્રી થઇ જશે. આવતી કાલે ૧૫મી ગુજરાત વિધાનસભાનું વિધાનસભા સત્ર મળશે, જેમાં વિધાનસભા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂક કરવામાં આવશે. વિધાનસભામાં શાસક પક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટી છે, ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિધાનસભાના અધ્યક્ષ તરીકે ઉત્તર ગુજરાતના મોટા ઓબીસી નેતા એવા શંકર ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ઉપાધ્યક્ષ પદે શહેરા બેઠકના સિનિયર ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની નિમણૂક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ બંને હોદ્દા પર સહકાર ક્ષેત્રના મોટા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આજે આ બન્ને નેતાઓ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ માટે ફોર્મ ભર્યું હતું. પરંતુ તે પહેલા પ્રોટેમ અધ્યક્ષ તરીકે યોગેશ પટેલની નિમણૂક કરાઇ હતી. જે તમામ ધારાસભ્ય શપથ લેવાડાવશે. વિધાનસભા ખાતે સીએમ ભુપેન્દ્ર પટેલ , અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટિલની આગેવાનીમાં ભાજપ ધારાસભ્ય દળની બેઠક મળી હતી. જેમાં નવા ચૂંટાયેલા ધારાસભ્ય માર્ગદર્શન અપાયું હતું.



# ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા સેક્ટર-૨૦ની સેવા વસ્તીમાં ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટીની અખબારી યાદી જણાવે છે કે, શિયાળાની ઠંડીની શરૂઆત હવે થઈ રહી છે ત્યારે ગાંધીનગર ઉત્તર મતક્ષેત્રના પ્રજાવત્સલ ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનભાઈ પટેલ દ્વારા સેક્ટર -૨૦ની સેવા વસ્તી ખાતે રૂબરૂ જઇ સ્થાનિકોને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં વોર્ડ ૫ ના કોર્પોરેટરો, સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ કોર્પોરેટર તરીકે ચુંટાઈ આવ્યા બાદ તે સમયગાળામાં અને મહાનગરના મેયર પદની જવાબદારી સંભાળી તે સમયગાળામાં પણ શ્રીમતી રીટાબેન પટેલ સતત સક્રિય રહ્યા છે, જનતાની વચ્ચે રહ્યા છે અને આજે જ્યારે જનતાના આશીર્વાદથી તેમના શિરે વિસ્તારના ધારાસભ્ય તરીકેની મહત્વપૂર્ણ જવાબદારી છે ત્યારે તેઓ પોતાની કાર્યશૈલી મુજબ જનતાની સતત ચિંતા કરી રહ્યા છે.

# અંગદાન જાગૃતિ માટે સ્કૂલ કક્ષાએથી પણ પ્રયત્ન થાય – રમેશભાઈ ઠક્કર

બ્રહ્માંડ ફાઉન્ડેશનના ડેનીસભાઈ આડેસરા દ્વારા છેલ્લા ૮ વર્ષથી ડ્રાઈવિંગ લાયસન્સમાં ઓર્ગન ડોનરનું ફોર્મ ભરવાનું સમજાવવામાં આવ્યું અને તેના પરિણામ રૂપે સમગ્ર ભારતમાં ૮ કરોડથી વધુ લોકોએ આ અભિયાનમાં જોડાઈને પોતાના ડ્રાઈવિંગ લાયસન્સ માં ઓર્ગન ડોનેશન કરવાનું સ્વીકારી ફોર્મ ભરેલ છે. આ અભિયાન ખૂબ સારું છે પ્રિન્ટ મીડિયા તથા ઈલેક્ટ્રોનિક મીડિયાએ લોકોની જાગૃતિ માટે ખૂબ સુંદર કવરેજ આ વિચારને લોકો સુધી પહોંચાડ્યા છે જેથી વધુ લોકો જોડાઈ શકે અને આ અંગદાન પ્રવૃત્તિ ને વધુ વેગ મળે જેનાથી સમાજના ઘણા બધા લોકોને ફાયદો મળશે જ પરંતુ આ જ વિચાર બાળકોને સ્કૂલમાથી જ જો સમજાવવામાં આવે તો બ્લડ ડોનેશન, આંખ ડોનેશન અને ઓર્ગન ડોનેશન અને વધુ તો હવે સ્કીન ડોનેશન પણ થઈ શકે છે. આ વિષય બનાવીને સ્કૂલ અથવા કોલેજોનાં અભ્યાસક્રમમાં લેવામાં આવે તો વધુ સારી રીતે આ અંગે બાળકો તથા યુવાનોમાં જાગૃતિ આવે તો રસ્તા ઉપર કે અન્ય જગ્યાએ અત્યારનાં સમયમાં ગંભીર સમસ્યા રૂપે જે રસ્તા પર




અકસ્માતમાં આવો પ્રસંગ બને ત્યારે સત્વરે માનવના શરીરના અંગોનું ડોનેશન થાય તો ઝડપથી ઘણી બધી જિંદગીઓને બચાવી શકે તેમ છે. વિજ્ઞાને આજે કુત્રિમ અંગો બનાવવાનું પણ પહેલ કરી છે પરંતુ તે ખર્ચાળ અને તે ભવિષ્યમાં કેટલો સમય કામ કરશે તે નક્કી હોતું નથી ત્યારે માનવ અંગોનું પ્રત્યારોપણ કરીને જે ફાયદો મળે તે વધુ સારો છે કેમ કે વિજ્ઞાને બનાવેલી વસ્તુ કે ફોરેન બોડી છે અને મળેલું અંગદાન એ કુદરતી હોય તેમાં કુદરતી રીતે વઘઘટ પણ થઈ શકે છે માટે લોક જાગૃતિ માટે શિક્ષણ વિદો,શાળાઓ,કોલેજો,યુનિવર્સિટિઓ અને ક્લાસીસમાં આ મુદ્દાને વધુ વિગતે સમજાવે તેવી દરેકને નમ્ર અરજ છે.જો સ્કૂલ કક્ષાએથી જ



અંગદાન જાગૃતિ અંગે ભણાવવામાં આવે તો સમાજને થતાં ફાયદાઓ એ માટે સૌથી આવશ્યક છે મગજમૃત(બ્રેન ડેડ) વ્યક્તિનાં અંગોનું દાન. કિડની,લીવર,હૃદય,પેનક્રિયાસ,ફેફસા એ બધા અંગો માનવીને કુદરતે આપેલી અદભૂત ભેટ છે. માનવીનું તંદુરસ્ત જીવન આ બધા અવયવો સાબૂત હોય અને સ્વસ્થતથી પોતાનું કામ કરતાં હોય તેના પર આધારિત છે. વિજ્ઞાને આ અવયવોની ખરાબ અવસ્થામાં પણ માનવીનું જીવન યથાવત રહે,પ્રત્યારોપણ થાય તો એ વ્યક્તિ(દર્દી) ને નવું જીવન મળે છે. આ માટે જરૂર પડે છે માનવીના અંગોની આ અંગોની સતત ખેચ હોય એ સ્વાભાવિક છે. કેટલાંક દર્દીઓને તેમના સગા-સ્નેહીનાં અંગ મળી જતાં હોય છે, પણ આ મુખ્ય અંગોની ગંભીર માંદગીવાળા હજારો દર્દી એવા અંગો માટે તરસ્તા હોય છે. બીજી તરફ માર્ગ અકસ્માત,બ્રેન હેમરેજ કે અન્ય રીતે તંદુરસ્ત વ્યક્તિનાં મગજને ગંભીર ઈજાઓ પહોંચે ત્યારે ઘણા બધા સંજોગોમાં વ્યક્તિનું મગજ નકામું થઈ જાય છે. તબીબી ભાષામાં એ વ્યક્તિ Brain Dead (બ્રેન ડેડ) ગણાય છે. આવી વ્યક્તિના કિડની,લીવર,હૃદય,પેનક્રિયાસ ,ફેફસા જેવા અંગો તદન સાબૂત અને જીવંત હોય છે. જો એ અંગો કાઢીને જેના આવા અંગો નિષ્ક્રિય થઈ ગયા છે તેમને આપે તો તેમની જિંદગી બચી શકે છે. વિદેશોમાં આ ડીસીઝડ ઓર્ગન હાર્વેસ્ટિંગ (Decease Organ Harvesting) ની પ્રવૃતિ ખૂબ મોટાપાયે થતી હોય છે. તમિલનાડુ રાજ્યને બાદ કરતાં અન્ય રાજ્યોમાં આ પ્રવૃતિ તદન ઓછી છે.

ખૂબ જ વિકસિત અને વિકાસશીલ ગણાતા ગુજરાતમાં પણ આ સેવા પ્રવૃતિ નહિવત છે. ભારતમાં અંગદાનનું ચિત્ર સાવ કંગાળ છે.૨૦૧૩ ના આંકડા મુજબ દર દસ લાખ જણે ૮૫૧ અંગદાન થાય છે. એમાં તમિલનાડુનો હિસ્સો ૪૫.૫૩ ટકા જેટલો સિંહભાગ છે. તમિલનાડુ પછી આંધ્રપ્રદેશનો હિસ્સો ૧૩.૧૬ ટકા અને કેરલનો હિસ્સો ૧૦.૩૨ ટકા છે. આ ત્રણ પૈકી તમિલનાડુ અને આંધ્રપ્રદેશ ઓછા વિકસિત ગણાય અને કેરળ સાવ ટચૂકડું ગણાય. આ ત્રણે રાજ્યોનો હિસ્સો આખા દેશના કુલ અંગદાનોમાં ૭૧.૪૨ ટકા જેટલો એટલે કે લગભગ પોણા ભાગ જેટલો થાય છે. બાકીના ૨૮.૫૩ ટકામાં આખો દેશ. સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશનો ,પંજાબ,જેવા વિકસિત રાજ્યોમાં નહિવત અંગદાન થાય છે. દુનિયામાં ભારત અંગદાનના કિસ્સામાં ખૂબ જ પછાત છે. ભારતમાં મગજમૃત અંગદાન ખૂબ જ ઓછા થાય છે. વિશ્વમાં અંગદાનમાં સૌથી મોખરે ટચૂકડો દેશ ક્રોશિયા છે. જ્યા દર દસ લાખે ૩૬.૫ અંગદાન થાય છે. સ્પેનમાં દર દસ લાખે ૩૫ અંગદાન થાય છે. તમિલનાડુ સરકાર અને મોહન ફાઉન્ડેશન જેવા એન. જી.ઓ એ જબરજસ્ત કામ કર્યું છે. દેશમાં આર્થિક વિકાસ માટે ભલે ગુજરાતમાં ધાર્મિક સંસ્થાઓ ,ટ્રસ્ટો ,રોટરી ક્લબ,લાયન ક્લબ જેવી સેવાભાવિ સંસ્થાઓ આ લોકજાગૃતિની પ્રવૃતિ હાથ ધરે તો જેમ રકતદાનમાં ગુજરાતનો આખા દેશમાં ડંકો વાગે છે તેમ થઈ શકે. હજારો દર્દીઓ જે મરણોન્મુખ છે,એમને નવી જિંદગી મળી શકે.

# પાટીદારો પરના કેસ ઝડપથી પરત ખેંચાશે, ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલનો દાવો

ગાંધીનગર,તા.૧૯

આજે ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાના ચૂંટાયેલા તમામ ૧૮૨ ધારાસભ્યોની શપથવિધિ થઈ હતી. પ્રોટેમ સ્પીકર યોગેશ પટેલે તમામ ધારાસભ્યોને શપથ લેવડાવ્યા હતા.

ત્યારે વિધાનસભામાં જતા પહેલા વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે મોટુ નિવેદન આપ્યુ હતું. હાર્દિક પટેલે દાવો કર્યો કે, પાટીદારો પરના કેસ ઝડપથી પરત ખેંચાશે.

હાર્દિક પટેલે કહ્યું હતું કે, પાટીદાર પર થયેલા કેસ અંગે કઈ નિર્ણય લેવાશે.

ઋષિકેશ પટેલ સાથે આ અંગે વાતચીત કરાઇ છે. કાયદાની પક્રિયામાં રહી આગળ કાર્યવાહી કરવામાં આવશે.

મારી પર હાલમાં ૨૮ કેસ છે. અમે જ સરકાર અને અમે જ વિપક્ષની ભુમિકા નિભાવીશું. નેતાની છબી હતી કે તે ધોતી કુર્તામાં હોય જોકે હવે નવી જનરેશનના નવા યુવાનો નેતૃત્વ કરી રહ્યા છે એટલે જીન્સ શર્ટનો નવો પહેરવેશ જોવા મળે.

વિધાનસભા ચૂંટણી બાદ ભાજપની સમીક્ષા બેઠક ૧ વાગે કમલમ ખાતે યોજાશે. તમામ જિલ્લા, શહેર પ્રમુખ સાથે તેઓ બેઠક કરશે.

ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ ની અધ્યક્ષતામાં બેઠક યોજાશે. દરેક જિલ્લાના પરિણામો અંગે ચર્ચા થશે.

હારેલી બેઠકો પર સ્થિતિ અંગે ચર્ચા થશે. હારના કારણો અને વિપક્ષની સ્થિતિ અંગે સમીક્ષા થશે.

કેટલાક જિલ્લાઓમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ ચૂંટણીમાં થઇ હોવાનો એક સુર કર્યો. આ પ્રકારની ગતિવિધિઓ રિપોર્ટ મંગાશે.

# ‘રાણો‘ જેલ હવાલેઃ દેવાયત ખવડ સહિત બે સાથીઓને જેલ મોકલવા કોર્ટનો આદેશ

રાજકોટ,તા.૧૯

લોકસાહિત્યકાર દેવાયત ખવડ સહિત ત્રણ આરોપીઓના રિમાન્ડ આજે સાંજે પૂર્ણ થતાં તેમને કોર્ટમાં રજૂ કરાયા હતા. આ દરમિયાન પોલીસે વધુ રિમાન્ડની માંગ ન કરતાં આરોપીઓને જેલ હવાલે કરાયા છે. આજે બે દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરાયા હતા. નોંધનીય છે કે, રિમાન્ડ પૂર્ણ થતાં તમામ આરોપીઓને જેલ હવાલે કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઇ રહી હતી. જેલ હવાલે કરાતા વકીલ દ્વારા બાદમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવી શકે છે. દેવાયતની સાથે તેના અન્ય બે સાથીઓ પણ પોલીસ સમક્ષ હાજર થયા હતા. જેમના પણ રિમાન્ડ પૂર્ણ થયા છે. તો હવે ‘રાણો‘ જેલમાં હવાલે કરાયો છે.

દેવાયતના હુમલાનો ભોગ બનનાર પરિવારે વડાપ્રધાન સુધી ફરિયાદ કરતાં દેવાયત રાજકોટ પોલીસ સમક્ષ હાજર થયો હતો. પોલીસે તેની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. બીજી બાજુ તેના બે સાગરીતો હરેશ ઉર્ફે કાનો રબારી અને કિશન કુંભારવાડીયા પણ પોલીસ સમક્ષ હાજર થઈ ગયા હતાં. જેથી ત્રણેયને પોલીસે કોર્ટમાં રજૂ કર્યા હતાં.

પોલીસે કોર્ટમાં ત્રણેય આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ માંગ્યા હતાં. પરંતુ કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યાં હતા. સોમવારે સાંજે ૪ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર થયા હતા.

બીજી બાજુ, તેના વકીલે નિવેદન આપ્યું હતું કે, પોલીસે કરેલી એફઆઈઆર ખોટી છે. દેવાયત ખવડના વકીલે જણાવ્યુ હતુ કે, પોલીસે ૩૦૭ હેઠળ ગુનો નોંધ્યો છે પરંતુ પોલીસની એફઆઈઆર જ ખોટી છે. ઝ્રઝ્રફ ફૂટેજના આધારે ક્લૈંઇ કરવામાં આવી છે તે ઝ્રઝ્રફમાં ફૂટેજમાં સ્પષ્ટપણે દેખાય છે કે કોઈક વ્યક્તિ કે જેનું મોઢું નથી દેખાતું.

તેમણે વધુમાં કહ્યુ કે, તે કોઈક ડંડા અથવા તો લોખંડના પાઈપ વડે એના પર હુમલો કરી રહ્યો છે. તેના પગ પર મારી રહ્યો છે. માથાના ભાગે ક્યાંય માર્યું નથી. સાતથી આઠ વખત માર્યું છે અને કોઇ ગંભીર ઈજા એને કરી નથી તો ૩૦૭નો ઉમેરો તેમાં ક્યારેય થઈ શકે નહીં. હુમલાના ૯ દિવસ બાદ દેવાયત ખવડે પોલીસ સમક્ષ હાજર થયા બાદ રાજકોટ પોલીસ દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં એસીપી ભાર્ગવ પંડ્યાએ જણાવ્યું હતું કે, મયુરસિંહ રાણા પર કરેલા હુમલાના કેસમાં દેવાયત ખવડે સરેન્ડર કર્યું છે.

## જામનગરની જી.જી. હોસ્પિટલ ફરી વિવાદમાં


# મહિલાના મોત બાદ પતિએ કહ્યું- ’મારી પત્નીની એક મહિલાએ ગળું દબાવી હત્યા કરી

જામનગર,તા.૧૯

સૌરાષ્ટ્રની સૌથી મોટી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે. હોસ્પિટલના માનસિક વિભાગના વોર્ડમાં દાખલ થયેલી એક મહિલાનું ગઈકાલે રાત્રે રહસ્યમય સંજોગોમાં મૃત્યુ નીપજ્યું હતું. જે મહિલાના મૃત્યુ અંગે મૃતકના પતિ દ્વારા અન્ય એક માનસિક બીમાર મહિલા દર્દીએ ગળું દબાવી દીધું હોવાનો આક્ષેપ કરાયો હતો. જોકે પીએમ રિપોર્ટમાં મહિલાનું મોત હાર્ટ-એટેકથી થયું હોવાનું સામે આવ્યું છે. જ્યારે સામે આવેલા સીસીટીવીમાં બે મહિલા ઝપાઝપી કરતી કેદ થઈ છે, પરંતુ એને કારણે મોત થયું હોય એવાં કોઈ દૃશ્યો નજરે પડતાં નથી.જામનગરમાં પટેલ કોલોની શેરી નંબર ૯માં રહેતી મધુબેન અશોકભાઈ ભટ્ટીજાણી નામની ૪૦ વર્ષની સિંધીલોહાણા મહિલા કે જે છેલ્લાં ૨૫ વર્ષથી માનસિક બીમારીથી પીડાતી હતી અને તેને ગત ૨૬મી તારીખે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલના માનસિક વિભાગના વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. ત્યાં ગઈકાલે રાત્રે તેનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ હતું. આ બનાવ અંગે મૃતકના પતિ અશોકભાઈ હરદાસભાઇ ભટ્ટીજાણીએ પોલીસને જાણ કરતાં સિટી બી. ડિવિઝનનો પોલીસકાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.મધુબેનના પતિ અશોકભાઈ દ્વારા એવો આક્ષેપ કરાયો હતો કે પોતાની પત્ની જે વોર્ડમાં દાખલ હતી, તેના વોર્ડમાં જ ચાર નંબરના બેડ પર દાખલ થયેલી માનસિક બીમાર એવી યુવતીએ આવેશમાં આવી જઇ પોતાના પત્નીનું ગળું દબાવી દીધું હોવાનું જણાવ્યું હતું.

# જીપેરી-જીટીયુ દ્વારા ‘રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ’ની ઉજવણી કરવામાં આવી

ભારતમાં રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ ૧૯૯૧ થી દર વર્ષે ૧૪ ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે. ઉર્જા કાર્યક્ષમતા બ્યુરો (BEE), ઊર્જા મંત્રાલય હેઠળ દર વર્ષે ઉજવણીનું નેતૃત્વ કરે છે. રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસની ઉજવણી કરવાનો ઉદ્દેશ્ય ઉર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણના મહત્વ વિશે જન જાગૃતિ લાવવાનો છે. જીપેરી ઈલેક્ટ્રિકલ વિભાગના વડા પ્રો. (ડો.) પિયુષ મિયાણી દ્વારા કોલેજ કેમ્પસમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને સ્ટાફને આ વિષે જાગૃત કર્યા હતા. એમને જણાવ્યુ હતું કે દરેક વ્યક્તિએ ઉર્જાનો વપરાશ જરૂરિયાત મુજબ અને ઓછામાં ઓછો કરવો, આધુનિક



સમયમાં ઉપલબ્ધ રિન્યૂએબલ એનર્જી સોર્સ જેવા કે સોલાર ટેકનૉલોજી અને ઈલેક્ટ્રિકલ વ્હીકલ અપનાવવા જોઈએ. ઉપરાંત એમણે સોલાર ટેક્નોલૉજી અને ઈલેક્ટ્રિકલ સાધનોના ઉપયોગ અને ફાયદા સાથે ખૂબ જ જીણવટભરી માહિતી આપી ઉપસ્થિત સહુ કોઈને જાગૃત કર્યા હતા. તેમના દ્વારા બનાવેલ ફ્લાયર દરેકને આપી આ દિવસે સોશિયલ મીડિયા અને પોતાના વોટ્સેપ સ્ટેટસમાં મૂકવા આગ્રહ કર્યો હતો. પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકર, જીટીયુ માંથી વાઈસ ચાન્સેલર શ્રી પ્રો (ડો.) નવીનભાઈ શેઠ અને રજીસ્ટ્રાર શ્રી ડો. કે. એન. ખેર એ આ દિવસના મહત્વ વિષે દરેક વ્યક્તિ પોતાના મિત્રો, સગાસંબંધી અને સમાજમાં આ મેસેજ પહોચાડે તે માટે અપીલ કરી હતી.



વેજલપુર ના સૌ પ્રથમ વાર નવા ચૂંટાયેલા ધારાસભ્ય અમિત ઠાકર મકરબા ખાતે જનસંપર્ક રાઉન્ડ કરીને વિવિધ ૨૨ સોસાયટીઓના ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી તથા રહીશો સાથે જરૂરી કાર્યોની સ્થળ મુલાકાત કરી સાથે સરખેજ વોર્ડના પ્રમુખ, પદાધિકારીઓ તથા કાઉન્સિલરશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK